# સહજ-સત્સંગ

અંક : ૨૭૩ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા સપ્ટેમ્બર - ૨૦૧૧





# મા મીરાંબિકા

In the light we shall see,
in Thy knowledge we shall know,
In Thy will we shall realise. - The Mother

## પ્રભું હું તારોજ !

ભાવાનુવાદ

પ્રભુ તારા જ પ્રકાશમાં, અમને તુજ દર્શન થશે,
પ્રભુ તારા જ જ્ઞાનમાં, અમને તારી સમજણ મળે,
પ્રભુ તારી જ ઈચ્છામાં, અમને તવ સાક્ષાત્કાર થશે,
તારામય જ બની રહું એ અભ્યર્થના હૃદયે વસે.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૦ જુલાઈ ૧૯૧૪)



હે શાશ્વત અવિકારી તત્ત્વ, તારી જાતનો વધુ પૂર્ણરૂપે અને વધુ સર્વાંગીણરૂપે આવિર્ભાવ કરું; આ કરણે. તને પોતાની જાત અર્પી દીધી છે.... એ તારો જે કાંઈ સંકલ્પ હશે તેનો વિરોધ નહિ કરે, અને આ સમર્પણમાં એની સાચી શક્તિ, એનો પરમ આનંદ રહેલો છે.

પરંતુ તું આ દેહમાં રહેલી પાશવતા સાથે શા માટે કડક હાથે કામ નથી લેતો ?

શું તારો સંકલ્પ એવો છે કે હળવા અને ધીરજવાન બનવું અને કોઈ વસ્તુને સહસા (હાનિ) ન કરવી પરંતુ જરૂરી તત્ત્વોને આરામથી પોતાની મેળે અનુકૂળ થવા દેવા ? કે પછી અન્યથા કાંઈ થઈ શકે તેમ નથી ? શું એમાં કોઈ ખાસ ગેરલાયકાત છે જેને તું મોટા મનથી નિભાવી લઈ રહ્યો છે, અથવા શું એવો કોઈ સર્વ સામાન્ય નિયમ છે જે સર્વ રૂપાંતર કરવાની વસ્તુઓને અનિવાર્યપણે લાગુ પડતા ભાગરૂપ છે ?

શરીરના કોષાણુઓમાં..... એક ભારે પ્રમાણની શક્તિ પ્રવેશ કરે છે, એટલે તેઓ વિસ્તૃત અને હલકા બની રહ્યાં છે..... હે દિવ્યસ્વામી, મારી દયા ખાઈશ નહિ. તારી સર્વ શક્તિમત્તા સાથે કાર્ય કર, મારી અંદર તે પૂર્ણ રૂપાંતર માટેનો સંકલ્પ મૂકેલો છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
| --- | --- |
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (દિવ્યશક્તિનું આવાહન) | ૧ |
| **શ્રદ્ધા** | ૪ |
| **માતૃવાણી** (સંકુચિત સ્વરૂપમાંથી મુક્તિનો ઉપાય) | ૭ |
| **માનવવિકાસ ચક્ર** (આધ્યાત્મિક સમાજ - ૩) | ૧૦ |
| **સાવિત્રી** (ચિત્રગુપ્તના ચોપડે) | ૧૫ |
| **ઉપનિષદોનું અમૃત** (માનવી-શરીરની રચના) | ૨૦ |
| **યોગ વિષે પત્રો** (પૂર્ણયોગ અને કુંડલિની યોગ વચ્ચેનો તફાવત) | ૨૩ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (નિર્વાણ અને વાસુદેવનો અનુભવ) | ૨૫ |
| **વેદવિજ્ઞાન** (વિકાર મુક્તિની પ્રક્રિયા) | ૨૭ |
| **યોગ પર દીપ્તિઓ** (પુરુષ અને પ્રકૃતિ) | ૩૦ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (અન્ન બાબતનું વલણ કેવું હોવું જોઈએ ?) | ૩૨ |
| **સાંજના વાર્તાલાપો** (માદક પદાર્થોનો સાધનામાં ઉપયોગ) | ૩૪ |
| **ભાવિ - સમાજ** (ભાવિ-સમાજ રચનાની શરતો) | ૩૬ |
| **વેદનું રહસ્ય** (વેદોનાં લુપ્ત અર્થઘટનના પ્રયત્નો) | ૩૮ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (બુદ્ધિના ચમકારા કે દેવાળું !) | ૪૧ |
| **સુંદર કથાઓ** (કુદરત ઉપર વિજય) | ૪૨ |
| **સર્વાંગી આરોગ્ય** (ચૈત્યપુરુષ સાથે એકરૂપતા) | ૪૩ |
| **આગામી-ભાવિ** (પરમપ્રભુની કૃપાની મહોર) | ૪૫ |
| **આનંદ** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**

અંક : ૨૭૨ વર્ષ : ૨૨
સપ્ટેમ્બર - ૨૦૧૧



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫
**E-mail ID : sahajsatsang@gmail.com**

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# દિવ્યશક્તિનું આવાહન

(પૃ.૧૪૭-૧૪૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ સનાતન, શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ છે. માતાજી તે પ્રમાણે જ તેમને ભજે છે. માતાજી પ્રભુને તેનો પૂર્ણ આવિર્ભાવ તેમની મારફતે કરે, એવી વિનંતી કરે છે. શુદ્ધ અસ્તિત્વ નિરાકાર, નિર્ગુણ, નિષ્ક્રિય લાગતું હોવા છતાં તેમાં અનંત આકારો, અનંતગુણો. અનંત ક્રિયાઓ અંતર્ભૂત છે. વ્યક્તિ દ્વારા તે તેની પ્રકૃતિ અનુસાર પોતાને ખાસ રૂપે પ્રગટ કરે છે. તે વ્યક્તિ માટે પ્રભુનો તે પૂર્ણ આવિર્ભાવ હોય છે.

માતાજીએ તે માટે પોતાનું સમગ્ર અસ્તિત્વ પ્રભુને સ્વાધીન કરી દીધેલું છે.

માતાજી જણાવે છે તેમની મારફત પ્રભુએ કઈ રીતે આવિર્ભાવ પામવાનું છે એ સર્વસ્વે પ્રભુએ જ નિર્ણય લેવાનો છે. તેમને પ્રભુનો આવિર્ભાવ થાય તેમાં જ રસ છે, તેથી પોતે એક અતિસામાન્ય વ્યક્તિ બની રહેશે કે જાજરમાન એની એમને પોતાને કોઈ પસંદગી નથી.

તેઓ સમર્પણ કરે છે તે સ્વેચ્છાએ, તેથી તે દરેક વસ્તુ સહર્ષ સ્વીકારશે તેમ જ તેમાં જ તેમને આનંદ મળે છે. પોતે શક્તિવાન છે એવું અનુભવે છે. તેમની શરણાગતિ બિનશરતી છે.

માતાજીને એક આશ્ચર્ય લાગે છે તેમના સ્વરૂપમાં હજી ઘણી પાશવતાઓ છે એ તે જાણે છે. પ્રભુના આવિર્ભાવમાં તે અવરોધરૂપ છે એ પણ તે જાણે છે. તો પ્રભુ તે પાશવતાને એક ઝાટકે નષ્ટ શા માટે કરી નાખતાં નથી ? તેમની સશ્રદ્ધ બુદ્ધિ તેનાં વિવિધ કારણો જોય છેઃ (૧) માતાજીને ધીરજવાન બનાવવા એ પ્રક્રિયાને ધીમી રાખી છે. (૨) માતાજીના સ્વરૂપનાં બધા તત્ત્વો પોતપોતાને શુદ્ધ કરીને આપસમાં પોતાની મેળે જ સંવાદમાં ગોઠવાઈ જાય એવું ઈચ્છે છે (૩) અથવા માતાજીની આ પાશવતા એટલી ભયંકર છે કે આ જન્મે તેમાં સુધારો થવો જ શક્ય નથી, તેથી તે પડતર રાખવામાં આવી છે. (૪) અથવા મોટા મનથી પ્રભુ માતાજીની ખૂબ જ મોટી

(પૃષ્ઠ ૬ ઉપર)

# નિષ્ક્રિય શ્રદ્ધા કે તામસિક શ્રદ્ધા :

- જ્યોતિબેન થાનકી

ઘણા મનુષ્યો એવી માન્યતા ધરાવતા હોય છે કે આપણે શ્રદ્ધા રાખીએ પછી આપણે કંઈ જ કરવાનું રહેતું નથી, બધું જ ભગવાન કરશે. તો આ શ્રદ્ધાએ મારી સાચી શ્રદ્ધા નથી. એ જડતા છે. એ નિષ્ક્રિયતા છે. એ તામસિક શ્રદ્ધા છે. આવા વલણ વિષે શ્રી અરવિન્દે એક સાધકને પત્રમાં લખ્યું હતું કે ''હું માનું છું કે શ્રી માતાજી બધું જ કરી આપશે, મારે કંઈ જ કરવાની જરૂર નથી. જ્યારે તેમની ઈચ્છા હશે, ત્યારે તેઓ રૂપાંતર કરશે - આ સક્રિય શ્રદ્ધા નથી, પણ જડ અને તામસિક શ્રદ્ધા છે.'' આવી શ્રદ્ધા સાધનામાં અવરોધક બને છે.

**શ્રદ્ધા મંદ પડે ત્યારે શું કરવું ?**

આધ્યામિક જીવનમાં ઘણીવાર એવું બનતું હોય છે કે શરૂઆતમાં ઉત્સાહ હોય, શ્રદ્ધા પણ હોય પછી તેમાં ધીમે ધીમે ઓટ આવવા લાગે છે. અને માણસ હિમ્મત હારી જાય છે. તેવા સમયે શું કરવું જોઈએ ? આ વિષે માર્ગદર્શન આપતાં શ્રી માતાજી કહે છે કે ''જ્યારે આવું થાય ત્યારે સમજવું કે એ સાચી શ્રદ્ધા નહોતી. પણ એ તો પ્રાણમય આવેગનો ઊભરો હતો. જો સાચી શ્રદ્ધા હોય તો મનુષ્ય લક્ષ્યાંકે પહોંચે જ. મનુષ્યે પોતાની શ્રદ્ધાને અંત સુધી ટકાવી રાખવી જોઈએ. જો માણસ એમ વિચારે કે હવે પૂરું થઈ ગયું, હવે હું આગળ વધી શકીશ નહી. તો તે ખરેખર ત્યાં અટકી જાય છે.'' શ્રી માતાજી આગળ કહે છે કે ''તમે પ્રારંભ કરો તો તમારે અંત સુધી પહોંચવું જ જોઈએ. પછી ભલે કોઈપણ કિંમત ચૂકવવી પડે. પાછા ફરવાની તો વાત જ નહીં.'' આવી અચલ શ્રદ્ધા હોય તો મનુષ્ય પોતાનું લક્ષ્યાંક સિદ્ધ કરી શકે છે.

સાધનામાં અવરોધો તો આવતા જ રહે છે. ઘણીવાર નિરાશાના એવા ગાળાઓ પણ આવતા હોય છે. તે વખતે મનુષ્યને એવું લાગે છે કે જાણે પ્રભુ સાથેનો એનો સંપર્ક છૂટી ગયો છે. જાણે પ્રભુ એના જીવનમાંથી ચાલ્યા ગયા છે. આવી સ્થિતિમાં પણ મનુષ્યે પોતાની શ્રદ્ધાને વધુ મજબૂત બનાવી સાધનામાં મંડ્યા

રહેવું જોઈએ. શ્રી અરવિન્દ કહે છે કે, ''ત્યારે તમારે એમ કહેવું જોઈએ કે મારે કેવળ પ્રભુની જ જરૂર છે. મારી સફળતા નિશ્ચિત છે. મારે પૂર્ણશ્રદ્ધાથી આગળ વધવું જ જોઈએ. પ્રભુનો પોતાનો હસ્ત ત્યાં હશે જ જે મને અદૃશ્યપણે ને પોતાની રીતે પોતાના તરફ દોરતો જ રહેશે. આ વસ્તુને તમારે એક મંત્રની માફક સતત તમારી અંદર રાખવાની છે.'' આ પ્રકારનું વલણ રાખવાથી શ્રદ્ધા બળવાન બને છે.

**શ્રદ્ધાથી મળતું રક્ષણ :**

જો મનુષ્યમાં એવી દૃઢ શ્રદ્ધા હોય કે દરેક પરિસ્થિતિમાં પ્રભુ મારું રક્ષણ કરી રહ્યાં છે, તો તેને અવશ્ય રક્ષણ મળે જ છે. એનાં અનેક દૃષ્ટાંતો આપણાં શાસ્ત્રો અને પુરાણોમાં મળે છે. આધ્યાત્મિક જીવનમાં પણ આગળ વધવામાં જ્યારે અનેક મુશ્કેલીઓ સર્જાય ત્યારે શ્રદ્ધા જ એ બધામાંથી સહિસલામત બહાર કાઢીને આગળ જવા શક્તિ આપે છે. શ્રી માતાજી કહે છે કે, ''જો તમારામાં ભવ્ય ગંભીર શાંતિ અને દિવ્યકૃપામાં પૂર્ણશ્રદ્ધા હશે તો તમારો વાળ પણ વાંકો નહીં થાય.''

**શ્રદ્ધાનું જતન કરવું :**

શ્રદ્ધા આપણી અંદર જ રહેલી છે. એ કંઈ બહારથી આવતી નથી. આપણી અંદર રહેલી પરમાત્માની આ દિવ્યભેટને આપણે આપણી અંદર જ જગાડવાની છે. પછી તેને ટકાવી રાખવાની છે. શ્રી માતાજી કહે છે કે જેમ માણસ કોઈ મૂલ્યવાન વસ્તુનું જતન કરે, તેની દેખભાળ રાખે, તેમ તેણે શ્રદ્ધાની દેખભાળ રાખવી જોઈએ. શ્રદ્ધાને નુકશાન કરે તેવી વસ્તુઓથી દૂર રહેવું જોઈએ.

બીજું, શ્રદ્ધાને ટકાવી રાખવા માટે બાળકના જેવી સરળતા અને વિશ્વાસ જોઈએ. બાળકને એવી ખાતરી હોય છે કે જે વસ્તુ તેણે માગી છે, તે તેને મળવાની જ છે. આવો વિશ્વાસ એ સહુથી મહત્ત્વની શરત છે. જો માણસનાં મનમાં વિરોધાભાસ કે શંકાઓ ન હોય તો તેના માટે જે જરૂરી હોય છે, તે બધું ગોઠવાતું રહે છે. શ્રી માતાજી કહે છે કે, ''મારે જેની જરૂર છે, તે મને આપવામાં આવશે; હું પ્રાર્થના કરીશ તો તેનો પ્રત્યુત્તર મળશે; હું મુશ્કેલીમાં હોઈશ અને મદદની માગણી કરીશ તો મને મદદ મળશે.'' આ શ્રદ્ધા છે. આ શ્રદ્ધા ચૈત્ય ચેતનામાંથી આવેલી શ્રદ્ધા છે. આ શ્રદ્ધામાં દલીલ હોતી નથી. વિરોધ હોતો નથી. શંકા પણ તેમાં હોતી

નથી, નિર્મળ, શાંત, સ્થિર છતાં ઉત્કટ અને ઊર્ધ્વ તરફ લઈ જતા પ્રયત્નો સાથે જોડાએલી, સંજોગોથી પર અને જેમાં ક્યારેય ઓટ આવતી નથી એવી શ્રદ્ધાને શ્રી માતાજી ભગવાને મનુષ્યને આપેલી દિવ્યબક્ષીસ ગણાવે છે. તેઓ કહે છે કે, ''શ્રદ્ધા એ સનાતન સત્ય પ્રત્યે દોરી જતું અને ઓચિંતું ખુલી જતું દ્વાર છે. જેના દ્વારા આપણે સત્યને જોઈ શકીએ છીએ, તેનો સ્પર્શ પામી શકીએ છીએ.

અચલ શ્રદ્ધા એ એવી દિવ્ય ચાવી છે કે જેના દ્વારા મનુષ્ય જ્ઞાનના દરવાજા ખોલી શકે છે. આવી અતૂટ શ્રદ્ધાથી જ મનુષ્ય ચેતનાની એક પછી એક ભૂમિકાઓ વટાવીને અતિમનસ સુધી પહોંચી શકે છે અને એ શ્રદ્ધાના બળે જ મનુષ્ય અતિમનસ ચેતનાને પોતાના કરણો - મન, પ્રાણ અને દેહમાં ઉતારીને તેનું દિવ્યરૂપાંતર પણ કરી શકે છે.

---

(પૃષ્ઠ ૩ ઉપરથી)

## પ્રાર્થનાઓ અને ધ્યાન

ગેરલાયકાતને નભાવી રહ્યા છે. (૫) કદાચ રૂપાંતરનો સર્વ સાધારણ નિયમ જ એવો છે કે જે ધીમી ગતિએ જ કામ કરવા માગે છે.

પ્રભુ વ્યક્તિ-સ્વરૂપને ઓછામાં ઓછો અપાય કરીને તેને પોતાનું કરણ બનાવવા ધારતો હોય છે. પ્રસંગ આવે સર્વનાશ વેરવામાં (લોકક્ષયવકૃત પ્રવૃદ્ધ : ગીતા) પણ પાછળ જોતો નથી એ પણ હકીકત જ છે.

માતાજીને છેલ્લે તેમના પોતાના દાખલામાં સાચો જવાબ મળી જાય છે. પ્રભુ તેમના શારીરિક કોષોનું રૂપાંતર કરવામાં હાલ વ્યસ્ત છે. કોષોમાં તેઓ નૂતન-શક્તિ ઠલવાતી અનુભવે છે. કોષોની ચેતના તેમના શારીરિક અસ્તિત્વની સીમા ઓળંગીને બહાર વિશાળ થતી તેઓ અનુભવે છે. આ કોષોના કેન્દ્રિય ભાગમાં રહેલ અવચેતનના નિયંત્રણને ભાંગી નાખી પોતાનું દિવ્ય નિયંત્રણ ઊભું કરવાના પ્રયત્નરૂપ છે. આ "transfer of authority" છે અને આનો અર્થ એ થયો કે પ્રભુને માતાજીમાં પૂર્ણ રૂપાંતરની ઘટના રચવી છે.

માતાજી તેથી વિનંતિ કરે છે કે પ્રભુ, તમારી સર્વ સમર્થતા સાથે કાર્ય કરજો. શારીરિક તકલીફ મને થાય તો તે માટે મારી દયા ખાતા નહિ. મને પૂર્ણરૂપાંતરિત જરૂર કરો. આપના સંકલ્પનો જ વિજય થાય.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

(માતૃવાણી - ૪) (૧૨ ફેબ્રુ. ૧૯૫૧) (પૃ.૧૦૯-૧૧૫)

## સંકુચિત સ્વરૂપમાંથી મુક્તિનો ઉપાય

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ હજી સુધી પ્રભુએ દર્શન કેમ દીધાં નથી ? કારણ કે તમે તૈયાર નથી. પૃ.૧૦૯

૨ પ્રભુની શક્તિઓને તમારા તરફ ખેંચવાનો પ્રયત્ન ના કરો પણ શાંતિ અને સ્વસ્થતામાં રહીને રાહ જુઓ. પૃ.૧૦૯

૩ જો તમારામાં એક..... વિશાળ ગ્રહણશક્તિ નહિ હોય, સ્વસ્થતાનો..... સમતાનો..... આંતરિક શાંતિનો..... નક્કર પાયો નહિ હોય, તો એ શક્તિઓ આવીને તમને વાવાઝોડાની પેઠે ઉપાડી જશે. પૃ.૧૧૦

૪ સાધના માટે તૈયાર છીએ..... તેવાં ચિહ્નો હોય છે ખરાં ?..... તમે સર્વ પરિસ્થિતિમાં સમતા રાખી શકો છો ?..... તમારો બાહ્ય આકાર એને (આંતરચેતના) માટે બહુ જ નાનો બની રહેલો હોય છે..... તમે એક પ્રકાશ, શાંતિ, શક્તિને નીચે આવતાં અનુભવો છો. પૃ.૧૧૧

૫ આપણને વિચાર પ્રાપ્ત થાય તે પહેલાં અનુભૂતિ મળી આવવી જોઈએ. પૃ.૧૧૨

૬ તમને જવાબ મળશે ત્યારે તમારું આખું એ સ્વરૂપ અનુભવશે કે પોતે સમૃદ્ધ બની રહ્યું છે, વિશાળ અને ભવ્ય બની રહ્યું છે. પૃ.૧૧૩

૭ તમને કઈ વસ્તુ વધુમાં વધુ ઝડપે લક્ષ્યમાં પહોંચાડશે એ અંગેની તમારી દૃષ્ટિ કરતાં પ્રભુની દૃષ્ટિ સાવ જુદી જ હોય છે. પૃ.૧૧૫

માતાજી, 'માતાજીની વાણી' પુસ્તકના બીજા વાર્તાલાપોમાંથી વાંચી રહ્યાં છે :

'પ્રભુની શક્તિ પ્રચંડ છે. તેનું એક ટીપું પણ આપણને અસ્વસ્થ બનાવી મૂકે છે. તેથી એમ સમજજો કે પ્રભુનાં હજી દર્શન થયાં નથી, કારણ આપણી પૂરેપૂરી તૈયારી નથી.

તૈયારી માટે ઉતાવળા થઈને પ્રભુની શક્તિઓને અહંકારથી અંદર ખેંચતા નહિ. પણ સ્વસ્થતાથી, શાંતિથી પ્રભુની કૃપાની રાહ જુઓ અને અભીપ્સા સેવો.

દિવ્યશક્તિઓ માણસને અસ્વસ્થ કરી મૂકે છે, કારણ આપણામાં તેને ધારણ કરવાની પાત્રતા હોતી નથી. આપણામાં વિશાળ ગ્રહણશીલતા, સ્વસ્થતા, સમતા, આંતરિક શાંતિ અને પ્રભુ પ્રત્યેનું સમર્પણ સ્થાપિત થવું જરૂરી હોય છે. જે લોકોને આ વસ્તુઓની આંતરિક ખાતરી હોય છે, તેઓ જ પ્રભુની અનુભૂતિઓને સાચી રીતે સમજી શકે છે. ચૈત્યપુરુષના પ્રથમ દર્શનનો પ્રકાશ પણ આપણને આંજી દે છે, તો પ્રભુના સાક્ષાત્કારની વાત જ શી કરવી.

આપણે સાધના માટે તૈયાર થઈ ગયા છીએ. તેના નીચેનાં ખાસ લક્ષણો છે :

૧ આપણે બધી જ પરિસ્થિતિઓમાં સંપૂર્ણ સમતા ધારણ કરીને શાંત રહી શકીએ છીએ. આ સમતા એક આંતરિક પ્રકાશમય એકાગ્રતા સ્વરૂપની સાધકને અનુભવાય છે.

૨ સાધકને પોતાનું બાહ્ય સ્વરૂપ, તેનાં વર્તન-પ્રકારો, જીવનનો ઢાળ, લોક-સંબંધો બધું જ ક્ષુદ્ર, નિસ્તેજ અને નકામું લાગવા માંડે છે.

૩ ધ્યાન વખતે વિશેષતઃ તમે એક શાંતિ, શક્તિ, પ્રકાશને તમારા સ્વરૂપમાં અવતરણ પામતાં અનુભવો છો. સારાંશ, તમારો ઊર્ધ્વ તત્ત્વો સાથે સંબંધ સ્થપાએલો હોય છે.

તમે આ વસતુઓને ધારણ કરી શકતા નથી, તેનું એક કારણ પ્રાણની નબળાઈ હોય છે. તેને તૈયાર કરવો પડે છે. તેની પદ્ધતિ નીચે મુજબની છે :

૧ તમે પ્રાણ ઉપર દબાણ ન મૂકો, નહિ તો તે રીસાઈને નિષ્ક્રિય બની જાય છે.

૨ મનની નબળાઈને કારણે પ્રાણ તૈયાર ન હોય તો નીચેની પદ્ધતિ વાપરવી પડે છે. મગજ સામે વિવિધ પર્યાયો મૂકો અને તેને તેમનો સમન્વય કરી વિશાળ સત્ય મેળવવાનો અભ્યાસ કરો. આથી મગજ વિશાળ, સૂક્ષ્મ અને શાંત રહેતા શીખશે. તેમાં અનુભૂતિને સમજવાની ક્ષમતા વિકસશે.

જો પ્રાણ જ પોતે દુર્બળ હોય તો તે અનુભૂતિઓ આવતા મૂઢ બની જશે અથવા માંદો પડી જશે અથવા સંયમ ગુમાવી ગમે તેમ બબડવા માંડશે. આવી ઘટના ત્યારે જ બને છે જ્યારે અનુભૂતિ પ્રાણની તૈયારી પહેલા જ આવે છે, પણ તેનું કારણ છે આપણે મહત્ત્વાકાંક્ષાથી કોઈ વસ્તુને પરાણે આપણામાં ખેંચી લાવેલી હોય છે. આને 'કર્ષણ' કહે છે. આ વસ્તુ સારી નથી.

ઘણા સાધકો ગેરસમજથી શરીરને તદ્દન નિષ્ક્રિય, સ્થિર રાખે છે. પ્રાણને નિદ્રાધીન કરે છે. મનને જડતામાં રાખે છે અને ભ્રાંત આધ્યાત્મિક અનુભૂતિમાં રહેવા માગે છે. અચેતનતા તરફનું કદમ કદી આધ્યાત્મિક પ્રગતિ કરાવતું નથી. આવી વ્યક્તિઓ પણ પ્રભુની શક્તિઓ હાજર થતાં જ તેમની શરીર, પ્રાણ, મનની જડતા ગુમાવી દે છે. સંવેદનશીલ બની જાય છે અને અસ્વસ્થતા અનુભવે છે.

સાચી ગ્રહણશીલતા વખતે તમે અભીપ્સામાં એકાગ્ર હો છો. પોતાના સ્વરૂપમાં તીવ્ર એકાગ્રતા સ્થિર થાય છે. સમગ્ર સ્વરૂપને પોષણ અને શક્તિ મળતી અનુભવાય છે. તેના વિકાસ અને સમૃદ્ધ થવાની આંતરિક ખાતરી મળતી હોય છે. સ્વરૂપ સુખ અને આનંદમાં હિલોળા લેતું હોય છે. આ વસ્તુઓ ઢોળાઈને વેડફાઈ ન જાય તેની કાળજી લેતા શીખવું પડે છે.

પોતાનાં સંકુચિત સ્વરૂપને વિશાળ કરવા, નીચેની પદ્ધતિ અજમાવી જુઓ : તમારી અભીપ્સામાં તીવ્ર એકાગ્રતા નિર્માણ કરો. તમને એક આંતરપ્રકાશ દેખાશે. તેની સાથે અભીપ્સાને એકરૂપ કરો અને તમારા બાહ્ય સંકુચિત સ્વરૂપ ઉપર શુદ્ધ થવા, વિશાળ થવા સંકલ્પ બળે દબાણ લાવો. સતત કરો, ફરી ફરી કરો. એક દિવસે અચાનક તમે અસીમ ચેતનામાં પ્રવેશી ચૂક્યા હશો.

---


**Sponsorship**

This issue is sponsored by

**NUTANBHAI MEHTA, DAXABEN MEHTA, AALOK MEHTA AND MEHTA FAMILY**

**in the sweet Memories of their parents Induprasad Mehta and Avantikaben Mehta.**

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૨૬-૨૭)**

## આધ્યાત્મિક સમાજ - ૩-૪

આધ્યાત્મિક સમાજ સામાન્ય માનવ સમાજથી બે બાબતોમાં જૂદો પડે છેઃ સામાન્ય સમાજ મહ્દઅંશે વ્યક્તિગત હિતો પર આધારિત પ્રવૃત્તિ કરતા લોકોનો બનેલો હોય છે. આથી તે હિત-સંઘર્ષોથી સતત ઘેરાયેલો રહે છે. અલબત્ત આવા સમાજમાં પણ સમાન હિતો ધરાવતા લોકો હોય છે ખરા. તેઓ પરસ્પર સહકાર સાધીને તેમની વચ્ચેના સંઘર્ષોનું નિવારણ કરવા પ્રયાસો કરતા જોવા મળે છે. આ માટે તેઓ સમાધાનો અને સમજૂતીઓની મદદ લે છે. વખત જતાં આવી સમજૂતીઓ અને સમાધાનો પ્રણાલિઓ બની જાય છે અને તે સમાન હિતો ધરાવતા લોકોને સહકારયુક્ત જીવન માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

શ્રી અરવિન્દ કહે છે કે સામાન્ય સમાજ માનવીને માત્ર ભૌતિક, પ્રાણિક અને મનોમય સત્તા સમજે છે. અર્થાત્, મનુષ્ય તેનાં શરીર, જીવન અને મનની સાથે કામ પાડવાની કે તેની સાથે વ્યવહાર કરવાની યોગ્યતા ધરાવે છે તેમ કહી શકાય. આ દ્વારા તે તેની શારીરિક, બૌદ્ધિક અને તેથી પણ આગળની નૈતિક ક્ષમતાઓનો વિકાસ કરી શકે છે. આમ છતાં, શ્રી અરવિન્દે સમજાવ્યું છે તેમ આવો સમાજ પોતાના વિકાસની સાથે નાશ પણ પામતો રહે છે. સમાજના વિકાસ તથા નાશ પામવાની પ્રક્રિયા એમ સૂચવે છે કે માનવસમાજના આ કહેવાતા વિકાસની પ્રણાલિના મૂળમાં કોઈક દોષ રહી ગયો છે. શ્રી અરવિન્દ આપણને સમજાવતા લખે છે કે આથી આપણને એમ જાણવા મળે છે કે સામાન્ય સમાજના માનવીના જીવનના ઉદ્દેશ અને તેની વાસ્તવિક જીવનપ્રણાલિ વચ્ચે કોઈ એકવાક્યતા કે તાલમેલ નથી.

શ્રી અરવિન્દ ભારપૂર્વક જણાવે છે કે માનવ સભ્યતાની ઉત્ક્રાંતિમાં કોઈક મૂળભૂત અથવા મૌલિક ક્ષતિ રહી જવા પામી છે. આ ક્ષતિ ખરેખર કયા સ્થળે છૂપાયેલી છે અને તેમાંથી બહાર આવવાનો માર્ગ કયો તે અંગે શ્રી અરવિન્દ આપણને સમજાવે છે કે વર્તમાન માનવસમાજ જેટલા પ્રશ્નોનું સમાધાન શોધી શકે

છે તેનાથી અનેક ગણા વધુ પ્રશ્નો આપણી સમક્ષ ખડા કરે છે ! આથી સામાન્ય માનવી સમસ્યાઓના જંગલમાં ભટકીને ખોવાઈ જાય છે. આથી વિશેષ, તે પોતાના જીવનના ઉદ્દેશને પણ જાણે કે ખોઈ બેસે છે ! પોતે કરેલા કૃત્રિમ સમાધાનોની પરાકાષ્ઠાએ પહોંચીને પણ માનવી તેનો વિરોધ કરવા લાગે છે. માનવીએ પોતાના જીવન માટે કરેલી વ્યવસ્થાને તેના પ્રશ્નોનો ઈલાજ ગણી લે છે. વ્યક્તિની સ્વેચ્છાચારી તર્કબુદ્ધિ મનુષ્યને તેની મૂળપ્રક્રિયાથી દૂર ધકેલી મૂકે છે. શ્રી અરવિન્દ ઉમેરે છે કે આપણને એવું પ્રતિત થાય છે કે રોગને તેની ચરમસીમાએ પહોંચાડવો એ જ જાણે કે તેનો સર્વોત્તમ ઈલાજ હોય !

શ્રી અરવિન્દ કહે છે કે સમાજજીવનની આપણી સમસ્ત પદ્ધત્તિનો પાયાનો દોષ આધ્યાત્મિક તત્ત્વના અપૂર્ણ વિકાસમાં રહેલો છે. આ તત્ત્વની સમાજે વધુમાં વધુ અવગણના કરી છે. વાસ્તવમાં આધ્યાત્મિક તત્ત્વ મનુષ્યનો આત્મા છે અને તેનો સાચો આધાર છે. શ્રી અરવિન્દ આપણને સમજાવે છે કે માત્ર એક સ્વસ્થ શરીર, સબળ પ્રાણ-શક્તિ અને સક્રિય તથા નિર્મળ મન માનવીને અમુક હદથી વધુ આગળ લઈ જઈ શકતાં નથી. થોડા સમય પછી તે ઢીલાં પડી જાય છે. આ પરિબળો મનુષ્યના કાર્ય અને વિકાસના સંતોષકારક લક્ષ્ય કે ધ્યેયના અભાવમાં નિરુત્સાહી બની જાય છે. આ ત્રણે બાબતો સ્વયં પોતાની રીતે પૂર્ણ મનુષ્યનું નિર્માણ કરી શકતી નથી. તે ખુદ કોઈ લક્ષ્ય નથી. તે દૂરના કોઈક ધ્યેયની પ્રાપ્તિ માટેનાં સાધનો માત્ર છે. મનુષ્ય તેની સાથે કોઈક ધાર્મિક પદ્ધતિ અને પવિત્રતાની વ્યાપક ભાવનાને જોડી દે તો પણ તે સામાજિક મુક્તિનું સાધન બની શકે નહીં. માનવસમાજે ધાર્મિક પદ્ધતિ કે નિયમો અને વિધિ-વિધાનોનો ભરપૂર ઉપયોગ કર્યો હોવા છતાં સમાજની અવનતિને ખાળી શકાઈ નથી. આધુનિક સમાજને વધુમાં વધુ સુવિધાઓ, ઉપભોગ અને આરામ પ્રાપ્ત થયો છે. તે સમૃદ્ધિનો સ્વામી બની શક્યો છે. પરંતુ તેની આર્થિક અને સામાજિક વ્યવસ્થા વધુ જટિલ અને બોજાયુક્ત બની ગઈ છે. તે જાણે કે એક જ જગ્યાએ સ્થિર રહીને ગોળાકાર ફર્યા કરે છે. આ ચક્રાકાર ફર્યા કરતી એની એ જૂની બાબતો, વ્યવસ્થા અને પદ્ધતિઓમાં કશું નાવીન્ય, સર્જનાત્મકતા કે ક્રિયાશીલતા જોવા મળતાં નથી. આથી સામાજિક વિકાસ ઊર્ધ્વગામી બની શકતો નથી.

શ્રી અરવિન્દ સૂચવે છે કે માનવસમાજ આત્મલક્ષિતાના માર્ગે જ ઊર્ધ્વગામી

બની શકે, પરંતુ આ માર્ગ ખરી આત્મલક્ષિતા અને યથાર્થ ઉપયોગનો છે. જૂના સમયમાં ધર્મના માર્ગે આત્મલક્ષિતા તરફ જવાનું વલણ પ્રચલિત હતું. ધર્મના માર્ગે આત્માની ખોજ ખૂબ જ પ્રાચીન છે, પરંતુ તે વ્યક્તિગત જીવન પૂરતી મર્યાદિત હતી. આવી ખોજ સંસારથી વિમુક્ત થઈને જ પરિપૂર્ણ થઈ શકે તેમ માનવામાં આવતું હતું. આ એકાકી અથવા વ્યક્તિગત મોક્ષનો માર્ગ છે તેમ શ્રી અરવિન્દ કહે છે. શ્રી અરવિન્દે સ્પષ્ટ કર્યું છે કે ધર્મના માર્ગે મોક્ષની ખોજ આધ્યાત્મિકને બદલે વધુ અનાધ્યાત્મિક બની રહેવાનો ભય છે. ભૂતકાળમાં આવો ભય અવારનવાર સાચો ઠર્યો છે. આવી અનેક ધાર્મિક પ્રથાઓ, પ્રણાલિઓ અને નિયમોને કાયમી સ્વીકૃતિ મળી ગઈ. નૂતન જ્ઞાનના આગમનની સામે ધર્મનો ઉપયોગ ઢાલ તરીકે અથવા અવરોધક પરિબળ સ્વરૂપે થયો. ધાર્મિક મઠો, અધિષ્ઠાનો અને ચર્ચો દ્વારા ધર્મ-પ્રેરિત વિધિવિધાનોને સમાજ પર કસીને બાંધવામાં આવ્યાં. શ્રી અરવિન્દ કહે છે કે ધર્મનું આ સ્વરૂપ જેલ સમાન હતું. ધર્મ દ્વારા મુક્તિ તરફ જવાને બદલે એક બંધિઆર, જડ અને ગતિહિન અવસ્થા તરફ સમાજજીવન ફંટાઈ ગયું. આથી જ શ્રી અરવિન્દ ભારપૂર્વક જણાવે છે કે ધર્મની પાછળ રહેલા આધ્યાત્મિક તત્ત્વની ખોજ એ આધ્યાત્મિક સમાજની રચનાનું મૂળભૂત કાર્ય છે.

*****

માનવવિકાસ ચક્ર ગ્રંથમાં શ્રી અરવિન્દે ધર્મના કાર્યને બારીકાઈથી તપાસ્યું છે. તેઓ કહે છે કે માનવજાતિને નૂતન જીવન પ્રદાન કરવાના કાર્યને ધર્મના દંભી સામાજીકરણને કારણે નિષ્ફળતા મળી છે. મનુષ્યને ડરાવવામાં આવ્યો કે જો તે ધાર્મિક જીવનનો નકાર કરશે તો નર્કમાં જશે. આથી ધર્મમાં રહેલી આધ્યાત્મિકતાનો નાશ થયો. ધર્મ યાંત્રિક અને ઔપચારિક બની રહ્યો.

શ્રી અરવિન્દ કહે છે કે ઇતિહાસે નોંધ્યું છે કે ધાર્મિકતાની સાથે વખતો વખત આપખુદી શાસન અને ક્રૂરતા પણ આવ્યા છે. આથી જ વખત જતા દંભી ધાર્મિકતા સામે ભારે વિદ્રોહ થયો. વિદ્રોહ કરનારાઓમાં આધ્યાત્મિકતાને વરેલી વ્યક્તિઓ પણ હતી. તેમણે ભાગીને પર્વતો કે ગુફાઓમાં છૂપાઈને આધ્યાત્મિક સાધના ચાલુ રાખી. પરંતુ આથી સામાન્ય જનજીવન અને આધ્યાત્મિકતા વચ્ચેનું અંતર વધી ગયું. બુદ્ધિજીવીઓએ દંભી ધાર્મિકતાને બાજૂએ રાખીને તર્કબુદ્ધિના માર્ગ પર આગળ વધવાનું ચાલુ રાખ્યું. શ્રી અરવિન્દ કહે છે કે આધ્યાત્મિક સત્યને પુનઃ જાગૃત કરવા

માટે આ માર્ગ વધુ ઉપયોગી સાબિત જણાયો છે.

શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે કે સમાજનું પૂર્ણ આધ્યાત્મિક લક્ષ્ય શરીર, પ્રાણ અને મનથી આગળ આત્મા પ્રતિ છે. આત્માની કર્મભૂમિ સ્વર્ગ નહીં પરંતુ પૃથ્વી છે. તેનું કાર્ય પૃથ્વી પર દિવ્યતાનું પ્રગટીકરણ કરવાનું છે.

શ્રી અરવિન્દ આત્માને માત્ર વ્યક્તિગત નહીં પરંતુ સમષ્ટિગત આત્મારૂપે જોવાની સલાહ આપે છે. આ આધ્યાત્મિક લક્ષ્ય એવી તમામ સંભાવનાઓનો સ્વીકાર કરે છે કે જે અજ્ઞાનપૂર્ણ વિરોધો અને નિષેધોમાંથી પસાર થતા થતા માનવીને પૂર્ણપણે દિવ્ય બનાવી શકે. તે માનવજીવનના તમામ અંશોને અને તેની મર્યાદાઓને પવિત્ર સમજે છે. શ્રી અરવિન્દ કહે છે કે માનવજીવનની મર્યાદાઓ પણ તેના બૌદ્ધિક, નૈતિક તથા આત્મિય વિકાસ માટેના સાધનો છે. મનુષ્ય આંતરિક સ્વરૂપે ઈશ્વરની સાથે એક અને અભિન્ન છે. તેની સંભવિત દિવ્યતા તેનો એક માત્ર ધર્મ અને સિદ્ધાંત હોઈ શકે.

શ્રી અરવિન્દ એમ સ્પષ્ટ કરે છે કે માનવજીવનની સંભવિત દિવ્યતાને તેના જીવન પર ઉપરની બાજૂએથી બળપૂર્વક લાગૂ કરી શકાય નહીં. આમ કરવાથી માનવજીવનની નબળી, નકારાત્મક અને અવરોધક બાજૂઓ કદાચ દબાઈ જશે. પરંતુ, સાથોસાથ તેની સબળ, હકારાત્મક અને સહાયકારી બાજૂઓ સ્વસ્થપણે વિકાસ પામી શકશે નહીં.

શ્રી અરવિન્દ જણાવે છે કે માનવજીવનમાં દિવ્યતાનું પ્રગટીકરણ એટલે માનવીની અંદર રહેલી ભાગવત્ સત્તાનું સમગ્રપણે પ્રગટીકરણ. તે માનવજીવનને સમગ્રપણે દિવ્ય સ્વરૂપે રૂપાંતરિત કરવાનો ઉદ્દેશ ધરાવે છે. શ્રી અરવિન્દ ઉમેરે છે કે આવા રૂપાંતર દ્વારા એક વિશાળ અને સ્વાધિન આધ્યાત્મિક સમાજ અસ્તિત્ત્વમાં આવશે. સમાજમાં સ્વાધિનતા કે સ્વાતંત્ર્યનો અનુભવ આપણને માનવ સમાજ ખરા અર્થમાં તેના આધ્યાત્મિકરણ તરફ આગળ વધી રહ્યો છે તેની પ્રતીતિ કરાવે છે. શ્રી અરવિન્દ કહે છે કે મુક્તિના અનુભવની આ પ્રક્રિયા દરમ્યાન માનવી ભૂલો પણ કરશે. પરંતુ આવી ભૂલો કરીને જ મનુષ્ય અનુભવ મેળવી શકે છે. શ્રી અરવિન્દ એવી સમજ આપે છે કે પ્રત્યેક ભૂલની અંદર દિવ્ય તત્ત્વ હોઈ શકે છે, જે ખુદ ભૂલોને પકડીને તેમને મઠારવાનું કાર્ય કરે છે. વ્યક્તિની અનુભૂતિ જેમ ગહન થતી જશે તેમ તે પોતાના જીવનના અર્થને, ધર્મ, નિયમ કે વિધાનને ભૂલોથી અલગ કરી લેશે.

શ્રી અરવિન્દ જણાવે છે કે સાચી આધ્યાત્મિકતા વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન પર કોઈ પ્રતિબંધ મૂકતી નથી. જો માનવીને પૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય તો તે પોતાના જીવનમાં સત્યમ્, શીવમ્ અને સુંદરમ્નું તાદાત્મ્ય સિદ્ધ કરી શકશે. શ્રી અરવિન્દ ત્યાં સુધી કહે છે કે ખુદ નાસ્તિકતા પણ ગહન ધાર્મિક અને આધ્યાત્મિક સત્ય સુધી પહોંચવાનું સાધન બની શકે છે. ક્યારેક ભગવાનને પ્રાપ્ત કરવા માટે ખુદ ભગવાનનો અસ્વીકાર કરવો પડે તેવી આ વાત છે. શ્રી અરવિન્દ ઉમેરે છે કે તમામ સાચા સંદેહો અને નિષેધોને અંતે આધ્યાત્મિકતાની પ્રાપ્તિ નિશ્ચિત છે. શ્રી અરવિન્દ કહે છે કે ખરી આધ્યામિકતા જીવનના નિમ્ન ભાગોને તેમના ભરોસે છોડી દેતી નથી. તે જીવનના આ નિમ્નભાગોમાં એવા સત્યોને પ્રગટ કરશે જે ભૌતિક જગતને ધૃણાભાવે નહીં જૂએ અને જડતત્ત્વનો ત્યાગ નહીં કરે. તે સંશયવાદી મનના નિષેધો અંતર્ગત કાર્ય કરીને ત્યાં જ તેમને તેમનું ભાગવત્ સ્વરૂપ દર્શાવી આપશે. આધ્યાત્મિકતા કદી જીવનની પ્રાણશક્તિને નષ્ટ નહીં રહે. આ જ તેના રૂપાંતરનું મૂળ સત્ય છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે ખરી આધ્યાત્મિકતા જીવનના તમામ ભાગો માટે સર્વ કંઈ છે. તે તમામ લોકો માટે જીવનનો સર્વોત્તમ અર્થ પણ હશે. શ્રી અરવિન્દ સમજાવે છે કે માનવીની વધુમાં વધુ અને પરિપૂર્ણ અભિવ્યક્તિ એટલે આધ્યાત્મિકતા, જેમાં તેઓ જે કંઈ છે અને જે કંઈ પ્રાપ્ત કરવા ઈચ્છે છે તે તમામ ચરિતાર્થ થશે.

માનવવિકાસ ચક્ર ગ્રંથના અંતભાગમાં શ્રી અરવિન્દ કહે છે કે આધ્યાત્મિક સમાજની રચના માનવવિકાસનો આખરી પડાવ છે. માનવી અને તેના મનની અત્યાર સુધી થયેલી પ્રગતિ જોતા આધ્યાત્મિક સમાજની સંભવિતત્તાના ચિન્હો આપણને અત્યારથી જોવા મળી રહ્યા છે. આવી શક્યતા સિદ્ધ કરવા ઇચ્છતી વ્યક્તિઓની સંખ્યા જેમ વધતી જશે તેમ સામી બાજૂએથી પરમાત્મા પણ જગતની સમીપ વધુ અને વધુ ગતિ કરવા લાગશે. તે પરમાત્મા-તત્ત્વ માનવીની અંદર વસેલું તો છે જ. તે માનવની અંદર નિગુઢ તત્ત્વ તરીકે રહેલું છે. તેને જ્યારે પરમ-તત્ત્વનો સ્પર્શ થશે તે વેળાએ માનવજીવનમાં મહાન પરિવર્તન સિદ્ધ થશે અને માનવવિકાસનું ઊર્ધ્વ દિશામાં મહાસંક્રમણ થશે. ઇશ્વરીય યોજના અનુસારનું આધ્યાત્મિક સમાજની રચનાનું દિવ્ય વચન ત્યારે પરિપૂર્ણ થશે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## ચિત્રગુપ્તના ચોપડે

પ્રકરણ - ૧૦૮

(Savitri B-1, C-3, P - 44)

Time's secrets were to him an oft-read book;
The records of the future and the past
Outlined their excerpts on the etheric page.

અશ્વપતિને અનુભવાય છે કે ઉત્ક્રાંતિ હજી તો અધવચ્ચે જ છે. ભાવિ-ઉત્ક્રાંતિનાં રહસ્યો હજી ભવિષ્યકાળનાં ઉદરમાં સુપ્તાવસ્થામાં પડેલ છે, તેથી તે બાબત અંદાજ બાંધવો સામાન્ય લોકોને મુશ્કેલ જ થાય છે. કારણ અંદાજ બાંધવામાં ભૂતકાળનાં અનુભવોનો જ આધાર લેવો પડે છે અને ભૂતકાળનાં અનુભવોમાં ભવિષ્યકાળ બીજરૂપે સંતાએલો હોવા છતાં સામાન્ય બુદ્ધિને તે ઓળખવો મુશ્કેલ જણાય છે.

પણ અશ્વપતિની સ્થિતિ જુદી હતી. તેની પ્રજ્ઞા જાગૃત થઈ ચૂકી હતી અને પ્રજ્ઞામાં દરેક વસ્તુની પાછળ રહેલ સત્ય સાથે એકરૂપ થઈ તેને જાણી લેવાની જન્મજાત ક્ષમતા છે. તે સત્ય એટલે તે વસ્તુના ભૂત, વર્તમાન, ભાવિની બ્લુપ્રિન્ટ જ હોય છે, તેથી તેની દ્વારા બધું જ જાણી શકાય છે. પ્રજ્ઞાને કાળભેદ નડતો નથી. તે અતિમનસની ક્ષમતા છે, જે નીચે અધિમનસ, અનુભૂત્યાત્મક મન અને પ્રકાશમય મન અને ઊર્ધ્વમનનાં પ્રદેશમાં પોતાનું જ્ઞાન 'દૃષ્ટિ' અને 'શ્રુતિ'ની ઘટનાઓ દ્વારા સંક્રાંત કરી શકે છે. દૃષ્ટિ એટલે દર્શન, શ્રુતિ એટલે શ્રવણ.

અશ્વપતિ માટે આ બન્ને પ્રકારો હવે હાથવગા હતા, કારણ તે પ્રજ્ઞા-શક્તિની જ કાર્ય-પદ્ધતિ છે; તેથી મહાકાળની ભાવિ નોંધો દર્શાવતો ચોપડો અશ્વપતિ માટે હાથવગો સંદર્ભ-ગ્રંથ જેવો હતો. તેને તે ગ્રંથને વારંવાર સમજવાની, સંદર્ભ તરીકે ઉપયોગમાં લેવાની ટેવ હતી જ.

આ ચિત્રગુપ્તનાં ચોપડામાં નોંધો લેવાની એક ખાસ પદ્ધતિ હતી. ચિત્રગુપ્ત એટલે ગુપ્ત-ચિત્ર. આકાશ તત્ત્વમાં આ નોંધો ચિત્ર-લિપિમાં જાણે નોંધાતી હતી ! આવી નોંધોને જ 'ઋતમ્' કહે છે. 'ઋતમ્'નું મૂળ અતિમનસ-જગતમાં છે, પણ તેના પ્રતિબિંબો અધિમનસથી માંડી આકાશ તત્ત્વ સુધીના વિસ્તારમાં જુદા જુદા સ્તરે જુદા જુદા સ્વરૂપે નોંધાતાં હોય છે. અહીં અશ્વપતિને આવી નોંધ આકાશતત્ત્વમાં (etheric) નોંધાએલી દેખાઈ. તેમાં ભૂત-ભવિષ્ય બધી જ ઘટનાઓની નોંધો થએલી તેને જણાઈ.

આ આકાશતત્ત્વમાંની નોંધોને - આવિર્ભાવોને શ્રી અરવિન્દ "excerpts" 'ઉતારાઓ' કહે છે.

One and harmonious by the Maker's skill,
The human in him paced with the divine.
His acts betrayed not the interior flame.
This forged the greatness of his front to earth.

આ આકાશતત્ત્વમાંના આવિર્ભાવો સ્વરૂપ નોંધો અલગ અલગ લાગતી હોવા છતાં તેવું નથી. તે બધાં એક જ વૈશ્વિક આવિર્ભાવનાં વિવિધ પ્રગટ શિખરો રૂપ છે. તેમની વચ્ચે દેખાતી ખાઈ એ તેમના જોડાણ-પ્રદેશો હજી આકાશતત્ત્વમાં પ્રગટ થયાં નથી. પણ ઊર્ધ્વ કક્ષાએથી ધીમે ધીમે અવતરણ પામી ભવિષ્યમાં આકાશતત્ત્વનાં સ્તરે પણ જોડાણો તરીકે રચાતાં દેખાશે. પ્રભુનાં સંકલ્પો આગળ-પાછળ અવતરણ પામતાં હોય છે. નીચે માનવ તેમને સમજી શકે તો તે અંશ વહેલો પ્રગટ થવા મથે છે. નથી સમજી શકતા તે અંશને અવતરણ પામવા માટે વધારે સમય લાગે છે અને તેથી ઉત્ક્રાંતિમાં તે મોડેથી પ્રગટ થાય છે. પ્રભુની કુશળતાનું આ પ્રતીક છે કે સમગ્ર આયોજન અખંડ અને સંવાદમય અને સમગ્ર આવિર્ભાવ પ્રક્રિયાને આવરી લેતું છે. માનવ તે આયોજન સાથે કેટલો તાલ મેળવી શકે છે (paced) તે ખૂબ જ મહત્ત્વનું છે. તે અનુસાર જ ઉત્ક્રાંતિ આગળ વધે છે. શ્રી અરવિન્દ આ તત્ત્વને જ 'સંમતિ' તરીકે વર્ણવે છે. સાધકે જગન્માતાનાં કાર્યમાં સંમતિ અને સ્વીકૃતિ આપવાની જરૂર છે જ. પોતાને પ્રભુના સંકલ્પાનુસાર ઢાળવાનું 'સમર્પણ' જરૂરી છે. તેની જીવનશૈલી અને વર્તનને અને ભાવ-જીવનને આંતરિક ચૈત્યપુરુષનાં પ્રકાશ અને પ્રેરણાને જ અનુસરવાની ટેવ પાડવી પડશે. આ હશે તો જ તેનો ભૌતિક આધાર પણ પ્રભુની

મહત્તાને પ્રગટ કરવાની ક્ષમતા કેળવવા પોતાનો નવો દિવ્ય-ઘાટ રચશે. સંમતિ, સ્વીકૃતિ અને સમર્પણ - ત્રણે પ્રભુપ્રેમમાંથી જ નિર્માણ થતાં હોય છે.

A genius heightened in his body's cells,
That knew the meaning of his fate-hedged works
Akin to the march of unaccomplished Powers
Beyond life's arc in spirits immensities.

આવી રીતે સાધકની સંમતિ, સ્વીકૃતિ અને સમર્પણથી પ્રભુના સંકલ્પને સાધકનાં નિમ્ન-સ્તરોમાં પણ ઉતરવાનો અને નવ-રચના કરવાનો મોકો મળે છે અને તે તે સ્તરોએ પોતાનું ચણતર કરવાનો પ્રયત્ન શરૂ કરી દે છે. આ ચણતર દ્વારા જ પ્રભુ પોતાને વધારે ને વધારે સારી રીતે પ્રગટ કરવા સક્ષમ બનતાં જાય છે. આનો ફાયદો ચૈત્યપુરુષ લે છે અને તે વિકસતો જાય છે. તે પોતાનો પ્રભાવ શારીરિક કોષો ઉપર પણ પાડે છે અને તેમાં દિવ્ય-ચેતનાને સ્થિર કરતો જાય છે. શ્રી અરવિન્દ તેને "genius" કહે છે. આ દિવ્ય ચેતના પ્રભુના આયોજનને જાણે છે, તેનું લક્ષ્ય પણ જાણે છે. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા દિવ્ય-શક્તિઓ, વિશ્વ-શક્તિઓ કાર્ય કરતી હોય છે; પણ તે કાર્ય હજી સાધકના સભાન-ક્ષેત્રમાં પ્રવેશેલું ન હોવાથી તે, તે બાબત કાંઈ જ જાણતો હોતો નથી. તે કાર્ય તો અજ્ઞાત એવી ચૈત્યપુરુષની ચેતનાના અસીમ પ્રદેશમાં જ (spirits immensities) ચાલતું હોય છે.

Apart he lived in his mind's solitude,
A demigod shaping the lives of men:
One soul's ambition lifted up the race;
A power worked, but none knew whence it came.

અશ્વપતિની આ ગહન અનુભૂતિઓએ તેને એકાંતમાં અને આંતરિક-ચેતનામાં રહેવાની ટેવ પાડી દીધી હતી અને ત્યાંથી અશ્વપતિને સ્પષ્ટ દર્શન થતું હતું કે ચૈત્યપુરુષરૂપી અર્ધ-દેવ (demigod) જ માનવોનાં જીવનનો દોરી-સંચાર કરીને તેને ઘડતો હોય છે. બીજું, એને એક વધારે ગહન સત્ય પણ સમજાયું. એક પણ સાધક જો સાચા પુરુષાર્થને ખેડવાનો પ્રયત્ન કરે, પ્રભુને જીવનદ્વારા પ્રગટ કરવાની મહત્ત્વાકાંક્ષા સેવે, અરે, પ્રભુના સપનામાં ભાગીદાર બને; તો તેનો ફાયદો સમગ્ર જાતિને મળે છે. કારણ વ્યક્તિનો દિવ્ય-ચેતના પ્રત્યેનો ઊઘાડ એ સમગ્ર જાતિનાં વિકાસ માટેની પ્રભુની પળ બની જતી હોય છે. પ્રભુ તે નાના ઊઘાડ દ્વારા સમગ્ર

જાતિને પોતાનાં સપનામાં ભાગીદાર બનાવવા ઈચ્છે છે. તેમનો ઝડપી વિકાસ કરીને પોતાના આયોજનને આગળ વધારવા માંગે છે. આવા ઊઘાડને કારણે દિવ્ય-શક્તિઓ અવતરણ પામી તે સમગ્ર જાતિને પ્રગતિ  કરાવતી થાય છે. આનાં દૃશ્ય પરિણામો બધાં જોઈ શકે છે, પણ આ પરિણામો કઈ શક્તિને કારણે આવ્યાં અને તે શક્તિ શા માટે આ તબક્કે સક્રિય બની છે તેનું જ્ઞાન તેમને જરાપણ હોતું નથી. જાતિની એક અનામી વ્યક્તિ જાણે જાતિનું ભવિષ્ય ઘડતી હોય છે.

(શ્રી અરવિન્દે આ જ ભૂમિકા બજાવી છે.)

The universal strengths were linked with his;
Filling earth's smallness with their boundless breadths,
He drew the energies that transmute an age.

જ્યારે કોઈ વ્યક્તિ પરમ-ચેતના તરફ ઉદ્ઘાટિત થાય છે ત્યારે તરત જ દિવ્ય-બળો, વિશ્વબળો તેની ચેતના સાથે જોડાઈ જાય છે. ખરેખર તો વિશ્વ-બળો તેના ઊઘાડ મારફત તેના નિમ્ન-તત્ત્વોમાં ઘસારો કરે છે અને તે પ્રદેશને કબજે કરવાનો પ્રયત્ન કરે છે. તેમની માટે તે પ્રદેશ જાણે શત્રુ-પ્રદેશમાંનું તેમનું એક સુરક્ષિત થાણું બની જાય છે, ચંચૂપાત કરવાનો માર્ગ બની જાય છે. નિમ્ન-તત્ત્વોમાં કાર્ય કરવાનો એક મોકો મળી જાય છે.

શ્રી અરવિન્દે "strengths"ની સ્પષ્ટતા કરવા તે શબ્દને "Force, Energy" અને "Power"થી જુદો ગણ્યો છે. શ્રી અરવિન્દ પરમ-ચેતનાની તેનાથી અભિન્ન એવી મૂળ અદિતિને 'મૂળ-શક્તિ' Force ગણે છે. જ્યારે સક્રિય બને છે ત્યારે તેને "Energy" કહે છે, 'સક્રિય-શક્તિ' કહે છે. Forceમાં જે પરિણામો લાવવાની ક્ષમતા છે તેને તેઓ Power અથવા 'સામર્થ્ય' કહે છે અને જ્યારે સક્રિય-શક્તિ અર્થાત્ Energy પ્રત્યક્ષ કોઈ કાર્ય કરવા કેન્દ્રિત થાય છે, એકાગ્ર થાય છે ત્યારે તેને strength 'બળ' કહે છે. એક જ દિવ્ય-શક્તિની આ ચાર ઉત્તરોત્તર સ્વરૂપો ગણી શકાય.

ઉપર શ્રી અરવિન્દે "universal strengths" શબ્દ વાપર્યો છે તે આ વિવેચનના આધારે લેવાનો રહેશે. તેથી શ્રી અરવિન્દે પ્રત્યક્ષ ઉત્ક્રાંતિના કાર્ય કરવા માટે એકાગ્ર બનેલી વિશ્વ-શક્તિઓની અવસ્થાનું અહીં સૂચન કરેલ છે.

આ વૈશ્વિક-બળોનાં કાર્યને કારણે સાધકનાં ભૌતિકતત્ત્વમાં અહંકારે રચેલી

સંકુચિતતાઓ, કઠોર આગ્રહો, માન્યતાઓ, વલણો, ભાવોને વિશાળતા, નમનીયતા લાવવાનો પ્રયત્ન શરૂ કર્યો. અર્થાત્ આ વિશાળતાઓ તે બળોની મૂળ વિશાળતાની તુલનાએ તો ક્ષુદ્ર-સંકુચિતતાઓ જ ભાસે. આ દર્શાવવા શ્રી અરવિન્દ તે દિવ્ય-બળોની વિશાળતાને "boundless breaths" તરીકે વર્ણવે છે. આ ઘટનાને કારણે અશ્વપતિની પ્રકૃતિમાં વિશેષ ક્ષમતાઓ "power" પ્રગટ થઈ. અશ્વપતિ ચેતનાની ઉત્ક્રાંતિના જે તબક્કામાં જીવન જીવી રહ્યો હતો તે તબક્કામાં હજી સુધી ન પ્રવેશેલી, હજી તે તબક્કાથી ઊર્ધ્વ-કક્ષાએ જ રહેલી સક્રિય શક્તિઓને તે હવે પોતામાં ધારણ કરતો થયો. અહીં શ્રી અરવિન્દ "energies" શબ્દ વાપરે છે તે ધ્યાનમાં લેવું જરૂરી છે, હયાત તબક્કાને શ્રી અરવિન્દ અહીં "age" શબ્દથી સૂચવે છે.

Immeasurable by the common look,
He made great dreams a mould for coming things
And cast his deeds like bronze to front the years
His walk through Time outstripped the human stride.
Lonely his days and splendid like the suns.

અશ્વપતિનું દર્શન અને તેનો પુરુષાર્થ હવે માનવી-ક્ષેત્રને જાણે વટાવી ચૂક્યાં હતાં. સામાન્ય માનવની ચેતના તેનું મૂલ્યાંકન કરી શકે એવી સ્થિતિમાં જ નહોતી. પરમ-પ્રભુને જીવનદ્વારા ભૌતિક જગતમાં પ્રગટ કરવાનો તેનો નિશ્ચય હતો, તેનું સપનું હતું. તે મહાન સપનાંઓના આધારે (great dreams) તે જીવનને ઘાટ આપવા ઈચ્છતો હતો. પોતાનાં વિચારો, ભાવનાઓ અને કર્મને તેને સુસંગત રીતે ઘાટ આપવો એ જ જીવનને ઘાટ આપવાનું સ્વરૂપ છે. તે આજનો ઘાટ આવતી કાલની ક્ષમતાઓને ધારણ કરવા માટેનો હતો. શ્રી અરવિન્દ તેથી "mould for coming things" એવો શબ્દ પ્રયોગ વાપરે છે. તે અનુસાર તેનું વર્તન થવા માંડ્યું હતું (deeds). શ્રી અરવિન્દ તે વર્તનની દૃઢતા અને સચ્ચાઈ દર્શાવવા તેને "bronze"ની ઉપમા આપે છે. પંચધાતુને "bronze" કહે છે. આ પંચધાતુ હવા, પાણી તડકામાં કટાતી નથી કે કાળી પણ પડતી નથી, અક્ષુણ્ણ રહે છે, અવિકારી અને અડીખમ રહે છે; તેમ અશ્વપતિનું વર્તન હવે એવું અણનમ, દૃઢ અને અણીશુદ્ધ બની ગયું હતું. આ જરૂરી હતું. આવતીકાલની જરૂરિયાતને પહોંચી વળવા (to front the

(પૃષ્ઠ ૩૫ ઉપર)

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## માનવી-શરીરની રચના

પ્રકરણ-૩૩ (ઐતરેય ઉપનિષદ)

ચેતનવંતા પ્રાણીની રચના કેવી રીતે થઈ આ પ્રશ્નના આધારે આ ઉપનિષદ લખાએલું છે.

ઐતરેય ઉપનિષદ જણાવે છે કે પહેલા એક જ બ્રહ્મતત્ત્વ હતું. તે દિવ્ય તત્ત્વે જ અનેક દેવો સ્વરૂપે અવનવા રૂપો ધારણ કર્યાં. દરેકની ખાસ ક્ષમતા હતી અને વિશેષતા હતી. તે દેવોએ આ સમગ્ર સૃષ્ટિ સાથે મળીને વિકસાવી છે. આ એક વૈશ્વિક કાર્ય છે. આ વિશ્વમાં અનેક વ્યક્તિઓ છે. તેમાં પણ સમષ્ટિ-કાર્યના ભાગરૂપે તેમણે કાર્ય અને રચના કરી છે. તેને વ્યષ્ટિ-કાર્ય કહે છે. આ રીતે વિવિધ દેવોએ વ્યક્તિનાં સ્વરૂપને રચવામાં પણ પોતપોતાનો ભાગ લીધો જ છે.

આપણે જેને આપણી અલગ અલગ ઈન્દ્રિયો કહીએ છીએ, જે પોતપોતાનું ખાસ કામ કરતી હોય છે તેમને રચવાનું કામ એક-એક દેવે ઉપાડી લીધું હતું. આંખના જોવાના કાર્યને આદિત્ય-દેવે વિકસાવ્યું છે. કાનના સાંભળવાના કાર્યને દિક્-દેવતાએ (આકાશે) વિકસાવ્યું છે. નાકના સૂંઘવાના કાર્યને વાયુ-દેવતાએ વિકસાવ્યું છે. ઔષિધિઓ રૂપી દેવોએ ત્વચાના સ્પર્શના કાર્યને વિકસાવ્યું છે અને ત્વચા ઉપરની રુંવાટી તરીકે ઊગ્યા છે. જળદેવતાએ જીભનાં સ્વાદનું કાર્ય વિસાવ્યું છે અને સાથે વીર્યના કાર્યને પણ વિકસાવ્યું છે. ચંદ્રમાએ મનના વિચાર કરવાના કાર્યને વિકસાવ્યું છે. અગ્નિ-દેવતાએ વાક્-શક્તિનાં કાર્યને વિકસાવ્યું છે.

આ બધા દેવતાઓએ પોત-પોતાના અવયવની રચના કરીને તેમાં તે પોતે રહેલાં છે.

ઉપનિષદ જણાવે છે કે આ બધા દેવો પોતપોતાનું કાર્ય સ્વતંત્ર રીતે કરતા હતા પણ તેથી જે પ્રાણી નિર્માણ થયું તે દુઃખી થઈ ગયું. કારણ તેની એકેય ઈન્દ્રિયમાં કોઈ તાળમેળ રહ્યો નહોતો.

તેથી વિધાતાએ આ બધાંમાં સમન્વય અને તાળમેળ સાધવા એક યુક્તિ કરી. પહેલા પ્રાણીને ભૂખ અને તરસ નહોતી લાગતી. હવે તેને ભૂખ અને તરસ લાગવા લાગી. તેથી અન્ન લેવાથી, પાણી પીવાથી ઈન્દ્રિયોના દેવતાને સંતોષ થવા લાગ્યો. દેવોને હવે પોતાનો સંતોષ મેળવવાની જરૂર જણાઈ અને તેઓ પોતાને પોષણ મેળવવા

માટે હવે એક બીજા સાથે સહકાર કરવા લાગ્યાં. તેથી હવે તે પ્રાણી પહેલાં કરતાં થોડું વધારે સુખી થયું.

પણ તે પ્રાણીના શારીરિક વિકાસની ગતિ ધીમી હોવાથી દેવોને પોતપોતાના કાર્યમાં અવરોધ થવા લાગ્યો. તેથી તે અવરોધ ટાળવા તેમણે પ્રજાપતિને વિનંતી કરી. વિધાતાએ એકથી એક વધારે ઉત્ક્રાંત અને વિકસિત પ્રાણીઓનાં શરીર રચવાની શરૂઆત કરી. આમ ઉત્ક્રાંતિ આગળ વધી. પણ દેવોને ગાય, ઘોડા વગેરેનાં શરીરો પસંદ ન પડ્યાં. અંતે, મનુષ્યનું શરીર રચ્યું. તે જોઈને બધા દેવોને સંતોષ થયો, કારણ આ શરીરમાં રહીને તેમને પોતાની ક્ષમતા વિકસાવવાનું ક્ષેત્ર મળ્યું હતું.

સારાંશ, માનવી-શરીરમાં અનંત ક્ષમતાઓ છે પણ વળી એક સમસ્યા નિર્માણ થઈ. પ્રજાપતિએ અન્ન મેળવવા માટે સૃષ્ટિની રચના કરી. તેમના પાલનપોષણ માટે લોકપાલની પણ રચના કરી. હવે અન્ન નિર્માણ થયું. માનવે ભૂખ લાગવાથી અન્ન ખાધું, પણ નવી સમસ્યા નિર્માણ થઈ. આ અન્નમાંથી સીધેસીધું પોષણ દેવોને મળતું નહોતું. તેથી પ્રજાપતિએ કહ્યું તમે બધા દેવો મળીને અન્નને પચાવો. તેમના રસોને જુદા કરો અને તેમાંથી પોષણ મેળવો. શરીરમાંના બધા દેવોએ અન્નને પચાવવાનો પ્રયત્ન કર્યો, પણ અન્નને પચાવી શક્યા નહિ. આંખ, નાક, કાન, જીભ, ત્વચા, મન બધાં કહે તે કામ અમે કરી શકીએ તેમ નથી.

ત્યારે પ્રજાપતિએ અપાન-વાયુ રચીને તેને નાભિમાં સ્થાપ્યો. અપાન વાયુએ પોતાના કાર્ય માટે જઠર, યકૃત, સ્વાદુપિંડ, આંતરડા, અન્નનલિકા, મૃત્રપિંડ વગેરે બધાં અવયવો રચ્યાં અને પોતાનું કાર્ય કરી બતાડ્યું. અન્ન પચવા માંડ્યું અને દેવોને પોતાપોતાના પોષક દ્રવ્યો મળવા લાગ્યાં. દેવોએ આપસમાંના વ્યવહાર માટે ધીમે ધીમે નાડીતંત્ર રચ્યું અને મગજ વિકસાવ્યું, જેમાં પોતપોતાનાં સ્થાનો વહેંચી લીધા.

આ બધા દેવોના રાજા ઈન્દ્ર છે. બધા દેવોએ વિચાર કર્યો કે તેમણે હવે આ શરીરને સારી રીતે વિકસાવ્યું છે, તેથી પોતાના રાજાને પણ આ નાનકડા રાજ્યમાં રહેવા બોલાવે. તેમણે પોતાના રાજા ઈન્દ્રને આમંત્રણ આપ્યું. તે માટે આ શરીરના મુખ્ય પ્રવેશદ્વારા તરીકે મસ્તકની ઉપર એક મહાદ્વાર રચ્યું (બ્રહ્મરંધ્ર) તે દ્વારનું નામ પાડ્યું 'વિદૃત' 'દૃ' ધાતુ ઉપરથી ઈન્દ્ર શબ્દ બન્યો છે. 'દૃ'નો અર્થ છે ઉપરની દિશામાં વહેવું અર્થાત્ આરોહણ કરવું. તેની ઉપરથી જ દ્રુમ (વૃક્ષ) અને ઈન્દ્ર શબ્દ આવ્યો છે. વૃક્ષમાં રસ નીચેથી ઉપર ચડે છે, તેમ ઈન્દ્ર મનનાં ભાવોને દિવ્ય કરીને અભીપ્સારૂપે ઉપર ચડાવે છે. ઈન્દ્ર એટલે જ આત્મતત્ત્વ. કારણ એક જ આત્મ-દેવમાંથી અન્ય દેવો નિર્માણ થયાં છે, તેથી આત્મા બધા જ દેવોનો રાજા છે.

તેથી વિદૃતનો અર્થ છે ઈન્દ્ર માટે ઉપર જવા માટે રચેલું ખાસ પ્રકારનું દ્વાર.

ઈન્દ્ર દેવોના આમંત્રણથી આ દેહનગરીમાં પધાર્યા. તેમને રહેવા માટે ત્રણ સ્થાનો શરીરમાં નક્કી થયાં. શરીરની ત્રણ અવસ્થા હોય છે. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ. આ ત્રણે અવસ્થામાં ઈન્દ્ર ત્રણ જુદા જુદા સ્થાને રહે છે. જાગૃત અવસ્થામાં આંખોમાં, સ્વપ્નાવસ્થામાં કંઠમાં અને સુષુપ્તિ અવસ્થામાં હૃદયના ઊંડાણમાં રહે છે (નેત્રસ્થં જાગ્રતં વિદ્યાત્ કંઠે સ્વપ્નં સમાદિશેત્ - લિંગોપનિષદ) હૃદય એ તેનું મુખ્ય રહેઠાણ.

હવે માનવી-શરીરનું એક મૉડેલ તો નિર્માણ થયું પણ ઈતર માનવ-શરીરો કેવી રીતે રચવાં તેની સમસ્યા નિર્માણ થઈ. પ્રજાપતિએ દેવોને કહ્યું તમે બધા મળીને હવે વીર્ય અને રજ નિર્માણ કરો (રેતઃ કૃત્વા આજયં પુરુષમાવિશત્) તેથી દેવોએ આ વધારાનું કાર્ય કરીને ગર્ભધારણાથી માંડી જન્મ સુધીની બધી પ્રક્રિયા વિકસાવી. એટલું જ નહિ જન્મ પછી પણ માનવી-શરીરને પોષણ આપવાની જવાબદારી પણ તેમણે સ્વીકારી. આ પ્રમાણે માનવશરીર રચાયું પણ ઈન્દ્રને તો ચેતના-વિકસાવી ઊર્ધ્વગમન કરવાની ટેવ છે તેથી હવે માનવી-શરીરમાં માનસિક વિકાસ પણ થવા લાગ્યો. મનની અનેક ક્ષમતાઓ છે. દા.ત. ચિત્તક્ષમતા અર્થાત્ મનની સમજણ શક્તિસ્વરૂપ સંજ્ઞાન, ઈન્દ્રિયજન્ય જ્ઞાનસ્વરૂપ - આજ્ઞાન, વિવેકજન્ય જ્ઞાનસ્વરૂપ વિજ્ઞાન, બૌદ્ધિક જ્ઞાન-સ્વરૂપ મેધા, માનસિક આવેગસ્વરૂપ, મનીષા, કલ્પના-ચિત્રો રચવાની ક્ષમતાસ્વરૂપ દૃષ્ટિ, જીવન જીવવાની અભિલાષા સ્વરૂપ અસુ, ધ્યેય આદર્શ નિર્માણ કરવાની શક્તિ સ્વરૂપ ક્રતુ, તેમ જ સ્મૃતિ-શક્તિ, સંકલ્પ-શક્તિ અને વશસ્વરૂપ ઈચ્છાશક્તિ, મતિ સ્વરૂપ નિશ્ચિત વિચાર કરવાની ટેવ વગેરે વગેરે. આ બધાને વધારે શુદ્ધ સ્વરૂપે વિકસાવી ચેતનાનું ઊર્ધ્વગમન કરાવવું એ આત્માસ્વરૂપ ઈન્દ્રનું કાર્ય છે. વામદેવ ઋષિએ આ બધું જ્ઞાન મેળવી પ્રસિદ્ધ કરેલું છે.

આ આત્મતત્ત્વ જ પ્રજાપતિ તરીકે અને ઈન્દ્ર તરીકેની ભૂમિકા બજવતો હોય છે.

તો આ ઈન્દ્રનું સાચું સ્વરૂપ શું? તો કહે છે તે જ બ્રહ્મતત્ત્વ છે. તેની શક્તિને જ પ્રજ્ઞા કહે છે (પ્રજ્ઞાનં બ્રહ્મ) અને પ્રજ્ઞાશક્તિએ જ ઉપર જણાવેલી બધી મનની ક્ષમતાઓ સ્વરૂપે પોતાને પ્રગટ કરી છે. આ પ્રજ્ઞાશક્તિ વિવિધ દેવો તરીકે (ક્ષમતાસ્વરૂપે) શરીરમાં પ્રગટ થાય છે ત્યારે તેને 'અધ્યાત્મ' કહે છે. વિશ્વમાં પ્રગટ થાય છે ત્યારે તેને 'અધિદેવ' કહે છે, અને જ્યારે તેઓ ભૌતિક તત્ત્વનું રૂપ લે છે ત્યારે તેમને અધિભૂત કહેવામાં આવે છે. આ રીતે પંચમહાભૂતો પણ પ્રજ્ઞાસ્વરૂપ જ છે.

અંતે જણાવે છે કે પ્રજ્ઞા બ્રહ્મશક્તિ હોવાથી તે સનાતન-શક્તિ છે, અમૃત છે; તેથી આ બધાં વિવિધ સ્વરૂપો પણ અંતે તો અમૃતસ્વરૂપ જ છે.

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨૬

## પૂર્ણયોગ અને કુંડલિની યોગ વચ્ચેનો તફાવત

(ભા.૧, પૃ.૪૧૧-૪૨૦)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

આપણા યોગમાં યોગચક્રો ઉપરથી નીચે ક્રમશઃ ખોલવામાં આવે છે. પ્રથમ અનાહત ચક્ર, પછી મણીપૂર, પછી સ્વાધિષ્ઠાન અને અંતે મૂલાધાર. અર્થાત્ હૃદયથી (ચૈત્યપુરુષના જાગરણથી) સાધનાની શરૂઆત કરી ક્રમશઃ મન (વિચારો), પ્રાણ (ભાવનાઓ) અને શરીર (કર્મો)ને શુદ્ધ કરવામાં આવે છે. આ આધાર શુદ્ધ થયા પછી હૃદયની ઉપરનાં યોગચક્રો, ક્રમશઃ વિશુદ્ધિ, આજ્ઞાચક્ર અને સહસ્રાર ખોલવામાં આવે છે. પણ આ ક્રમમાં સાધકની પ્રકૃતિ અનુસાર નાનામોટા ફેરફારો જરૂર હોય છે. વિશુદ્ધિ ચક્રમાં આધાર દિવ્ય-ચેતના પ્રત્યે ખુલ્લો થાય છે અને તેમના રૂપાંતરની શરૂઆત, વિશુદ્ધિની શરૂઆત થાય છે.

મજબૂત, ઊંચું, સરળ નાક, મક્કમ મનોમયતા અને સંકલ્પશક્તિનું સામર્થ્ય ધરાવે છે, એવું લક્ષણશાસ્ત્ર જણાવે છે પણ સોક્રેટીસનું નાક પહોળું, ચીબું હોવા છતાં તેમની સંકલ્પશક્તિ ખૂબ જ મજબૂત હતી. પણ નાક પ્રાણશક્તિનાં પ્રવેશનાં મુખ્ય અંગોમાંનું એક માનીને આવો નિષ્કર્ષ કાઢેલો હોવાની શક્યતા છે.

અનાહત નાદ આ ભૌતિક કાનથી સંભળાતો નથી. તે સૂક્ષ્મ શ્રવણેન્દ્રિયનો અર્થાત્ આંતર-સ્વરૂપનો અનુભવ છે. પણ સૂક્ષ્મ અને સ્થૂળ કાનનું સ્થળ એક જ હોવાથી આવો ભ્રમ થાય છે.

વિશુદ્ધિ ચક્રનો સંબંધ વાણી સાથે પણ છે. બગડેલું વિશુદ્ધિ ચક્ર વાણીમાં તેવાં વિકારો નિર્માણ કરે છે. શુદ્ધ વિશુદ્ધચક્ર મધુરભાવો વાણી દ્વારા વ્યક્ત કરાવે છે. બધી ઈન્દ્રિયો અંતે મન સાથે જોડાતી જ હોય છે, જેથી તેઓમાં સંવાદમયતા જળવાઈ રહે.

પશ્યંતિવાણીમાં સાધક આંતરિક રીતે માનસપ્રતિમાઓ ઉપર એકાગ્ર થએલ હોય છે. કલ્પનામય જગતનું દર્શન એ પશ્યંતિ વાણીનો દાખલો છે. પશ્યંતિ વાણી જ વિકાસ પામી પરાવાણીમાં વિકાસ પામે છે, જેમાં નિરાકાર અસીમ ચેતાનાં દર્શન થતાં હોય છે. ત્યાં સાકાર માનસપ્રતિમા ન હોવા છતાં પરિણામો તેના જેવા જ સ્પષ્ટભાવો રચવામાં થાય છે.

તાંત્રિકો દરેક વાણી - પરા, પશ્યંતિ, મધ્યમા, વૈખરીના કાર્ય કરવાનાં જુદા જુદા કેન્દ્રો ગણે છે. તે વાણી પાછળ જે તત્ત્વ, મન, પ્રાણ, શરીર કાર્ય કરતું હોય તેને અનુસાર તે કેન્દ્ર છે એમ કહેવાય છે. પરાવાણીનો અર્થ છે મનથી પણ ઊર્ધ્વમાંના ક્ષેત્રમાંના વિનિમયનું સાધન.

યોગમાં જે હૃદયકેન્દ્રની વાત છે તે છાતીમાં ડાબી બાજુ હોએલું સ્થૂળ હૃદયની વાત નથી, પણ છાતીના મધ્યભાગે હોએલા સૂક્ષ્મ શરીરમાંના ભાવના, ઊર્મિઓને પ્રકટ કરતાં સૂક્ષ્મ કેન્દ્રની વાત છે.

દરેક યોગચક્રનો ભૌતિક પાયો કરોડરજ્જૂમાં પસાર થતાં સંવેદનાવાહક તંતુઓનાં જોડાણમાં હોય છે. તેમનો પ્રાણમય અને મનોમય ભાગ તેને વ્યાપીને બહાર ફેલાએલો હોય છે.

ચૈત્યપુરુષ જાગૃત થાય છે ત્યારે આવા યોગચક્રોની રચના કરતો નથી. રચના તો થએલી જ હોય છે. તે ફક્ત તેમનો કબજો લઈ પોતાને પ્રગટ કરવા તેને વાપરે છે. આપણા સ્વરૂપમાંનું કોઈ તત્ત્વ નાશ પામતું નથી. શાસ્ત્રોમાંના શબ્દો 'મનોનાશ', 'અહંકારનો નાશ' આ એ દર્શાવે છે કે તેમની વિકૃત અવસ્થાઓ નષ્ટ થઈને દિવ્ય-રૂપાંતરીત અવસ્થા તેમને પ્રાપ્ત થાય છે. ચૈત્યપુરુષ દ્વારા પછી ઊર્ધ્વ-ચેતના આ કેન્દ્રોનો કબજો લે છે.

તંત્રમાં કુંડલિની સ્વરૂપે વ્યક્તિ-ચેતના એક-એક કેન્દ્રમાંથી પસાર થઈ ઉપર ચડતી દર્શાવવામાં આવે છે. ખરેખર તો ચેતના તો જ્યાંની ત્યાં જ સર્વત્ર છે. ફક્ત આ કેન્દ્રો તેના માધ્યમ બનવાથી, તે ત્યાં પ્રકટ થતી હોવાથી ઉપર મુજબ ભાસ નિર્માણ થાય છે.

નાડીતંત્ર સમગ્ર શરીરમાં ફેલાએલું હોય છે, પણ તેના સંચાલનનું ભૌતિક કેન્દ્ર મૂલાધાર છે. ચૈતસિક કેન્દ્ર હૃદય અને ઊર્ધ્વ ચેતનાનું મસ્તકની ઉપર છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૩
(પૃ.૮૦-૮૩)

## નિર્વાણ અને વાસુદેવનો અનુભવ

### અવતરણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 All developed mental men.... have.... to separate the two parts of the mind, the active part..... and the quiet masterful part. P.83
2 The yogi goes still further.... he..... stands above or quite back from it and free. P.83
3 The principal business of our mind is either a response of acceptance or a refusal to these thought waves. P.83
4 From that moment (silent mind) in principle, the mental being in me became a free Intelligence. P.84
5 Mastery of one's mind is perfectly within the possibilities of anyone. P.84
6 The still, bright and clear mind..... makes itself ready for the reflection of the higher Truth. P.84
7 It can happen also by a descent from above of a great spiritual stillness imposing silence on the mind. P.85
8 The work is taken up by a Grace from above an irruption of the infinitude of the Spirit. P.85
9 The only real difficulty..... was..... to effect its transformation on the higher level of Nature and on the ordinery mental, vital and physical levels. P.86

જેમણે પોતાની બુદ્ધિનો વિકાસ કરેલ છે, તેમને પોતાના નિમ્ન સક્રિય મનનો અને ઉચ્ચ મનનો તફાવત તો સમજવો જ પડે છે. નિમ્ન સક્રિય મન તો વિચારોની જાણે ફેક્ટરી છે અને ઉચ્ચ મન તેને જોય છે, સમજે છે, નકારે છે કે સ્વીકારે છે, સુધારો કે વધારો કરે છે.

યોગી તો આ બે તફાવતથી પણ આગળ જાય છે. તે બન્ને મનમાંથી બહાર નીકળીને તેમનાથી ઊર્ધ્વમાં કે પાર્શ્વભૂમિમાં ઊભો રહે છે અને ત્યાંથી સાક્ષીભાવે, તદ્દન અલિપ્ત થઈને તેમને જોય છે.

લેલેએ મને આ વસ્તુ શીખવી. તે પછી તો મારો મનોમય પુરુષ જાણે યોગીનો સાક્ષીપુરુષ બની ગયો હતો. તે જગતમાંથી આવતા સાચા જ્ઞાનના પ્રવાહોને ઝીલતા શીખ્યો. ત્યારે મને સમજાયું કે પોતાના મન ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી શકાય છે. આવી રીતે શાંત, પ્રકાશમય, સ્વચ્છ મનમાં ઊર્ધ્વ તત્ત્વોનું પ્રતિબિંબ પડી શકે છે, જે નવી સાચી સમજણ આપે છે.

આ જ વસ્તુ ઊર્ધ્વમાંથી આધ્યાત્મિક નીરવતાનાં અવતરણથી પણ થઈ શકે છે. આ કામ તો ભગવત્કૃપા જ કરે છે. તે માટે તે આત્માની વિશાળતા અને અસીમતાને ચિત્તમાં અવતરણ કરાવે છે. મારું મન તદ્દન નીરવ બન્યું તે આ છેલ્લી પ્રકારની ઘટનાથી. આ અનુભવમાં એવું લાગે છે કે જાણે આપણા કર્મોનું સંચાલન પ્રકૃતિની ઘરેડમાંથી થાય છે. તમને બધી જ વસ્તુઓ અસત્ય અને આભાસી લાગે છે. સત્ય જ નક્કર વાસ્તવિક છે એમ લાગે છે. તે સ્થળ-કાળના ભેદથી ઊર્ધ્વમાં રહેલ છે એમ લાગે છે.

તે પછી જે જગત આભાસમાત્ર છે એ ભાવ ધીમે ધીમે નષ્ટ થયો. પરંતુ જગતમાંનાં બધા જ કર્મો કરતી વખતે આંતરિક શાંતિ અને ચેતનાની મુક્તિ તો અખંડ રહેવા લાગી. એમ લાગતું કે પોતે નહિ કોઈ અન્ય જ બધાં કર્મો કરે છે.

આ ખરેખર તો પરબ્રહ્મની સક્રિય બાજુનો સાક્ષાત્કાર હતો. આપણે જેને ઈશ્વર કહીએ છીએ તે જ સાધનાનું માર્ગદર્શન આપતો હતો.

અંતે, આપણને બધી જ વસ્તુમાત્રમાં આતમતત્ત્વ અને આત્મતત્ત્વમાં જ બધી વસ્તુમાત્રનો અનુભવ આવ્યો. આ અંતિમ અનુભવ છે. આવો અનુભવ દરેકને આવી શકે છે.

પણ હજી એક સમસ્યાનું નિવારણ કરવાનું બાકી જ હોય છે. તે સાધનાનાં ઘણાં વર્ષો બાદ જ નિવારી શકાય છે. તે છે આપણી પ્રકૃતિના ઊર્ધ્વક્ષેત્ર અને નિમ્નક્ષેત્ર (મન, પ્રાણ, શરીર)નાં રૂપાંતરની સમસ્યા. અંતે, અવચેતન અનતે અચેતનને પણ રૂપાંતરિત તો કરવાનું જ હોય છે. તે થયા બાદ જ અંતે સક્રિય રૂપાંતર સમગ્ર સ્વરૂપમાં (અતિમનસથી અચેતન સુધી) સમન્વય સાધે છે.

આ અંતિમ ચરણ ખૂબ જ અઘરું છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય

## વિકાર મુક્તિની પ્રક્રિયા

પ્રકરણ - ૧૦

ઈન્દ્રનો દરબાર. અપ્સરાઓ નૃત્ય-ગાન કરી રહી હતી. ગંધર્વો સંગીત આપતાં હતાં. ત્યાં નારદ પધાર્યા. ઈન્દ્રે વિવેક કર્યો અને પૃથ્વીની ક્ષેમકુશળતા પૂછી. નારદે ચંદ્રવંશીય રાજા પુરુરવાનાં ખૂબ વખાણ કર્યા. તે વર્ણનથી જ ઉર્વશી મોહાઈ ગઈ. ઈન્દ્રને આ ન ગમ્યું. તેમણે તેને મૃત્યુલોકમાં પતનનો શ્રાપ આપ્યો.

પુરુરવા, ઈલા અને બુધનો પુત્ર. તેમને ત્યાં પુરુરવાનો જન્મ થાય છે. બુધ ચંદ્રનો પુત્ર, તેથી પુરુરવા ચંદ્રવંશીય ગણાતો. તે મૃગયા કરવા જંગલમાં ફરી રહ્યો હતો. ત્યાં તેમની સામે ઉર્વશી પ્રગટ થઈ. ઉર્વશીના નખશિખાંત સૌંદર્યથી પુરુરવા મોહિત થયો. બન્નેએ લગ્ન કર્યાં પણ બે શરતે. એક-ઉર્વશીને અતિપ્રિય બે ઘેટાનાં બચ્ચાં તે સાથે જ રાખશે. તેમનું સંરક્ષણ કરવું એ પુરુરવાની જવાબદારી. બીજી પુરુરવાનાં નગ્ન હાલતમાં ઉવર્શીને દર્શન ન જ થવા જોઈએ. પુરુરવાએ બન્ને શરતો માન્ય કરી.

ઉર્વશી પ્રતિષ્ઠાનપુરની રાણી બની. ઘણા વર્ષો વીતી ગયાં. સ્વર્ગમાં ઉર્વશીની ખોટ જણાવા લાગી. ઈન્દ્રે ગંધર્વોને કહ્યું કે ઉર્વશીને મનાવીને લઈ આવો.

ગંધર્વોએ યુક્તિ કરી એક મધ્ય રાત્રીએ રાજારાણી ગાઢ નિદ્રામાં સૂતા હતાં. ત્યારે તેમના પલંગ સાથે બાંધી રાખેલાં બે પૈકી એક ઘેટાના બચ્ચાની ચોરી કરી.

ઉર્વશી રાત્રે ઊઠી તો એક ઘેટાંનું બચ્ચું નહોતું. તે રાજા ઈન્દ્રની યુક્તિ જાણી ગઈ અને તે મુજબ જ વર્તવાનું નક્કી કર્યું. રાજાને ઉઠાડી ઘેટાનાં બચ્ચાની ચોરી થયાની વાત થઈ. પુરુરવા રાજા તરત કપડાં બદલવા પોતાની ઓરડીમાં ગયો. દરવાજો ખાલી બંધ કરેલો હતો. ઉવર્શીએ ઉતાવળ કરવાનું કહેવા દરવાજો ખોલ્યો. તે જ વખતે ગંધર્વોએ વીજળીનો કડાકો કર્યો. પ્રકાશમાં પુરુરવાનો નગ્ન

દેહ દેખાયો.

ઉર્વશી બોલી નહિ. રાજાએ ઘેટાનાં બચ્ચાને શોધવા જંગજંગ પછાડ્યું, પણ શોધી શક્યો નહિ. ઘેરે આવતા જ ઉર્વશીએ પોતાની બન્ને શરત-ભંગની વાત કરી અને તરત સ્વર્ગે રવાના થઈ.

વર્ષો બાદ એક વખત ઉર્વશી પોતાની સખીઓ સાથે એક સરોવરમાં નહાવા આવેલી. તેમણે હંસનું રૂપ લીધેલું. સંજોગવશાત્ તે જ વખતે પુરુરવા મૃગયા કરતો સરોવર પાસે આવી પહોંચ્યો. તેણે હંસરૂપ ઉર્વશીને ઓળખી લીધી અને પાછા ફરવા વિનંતિ કરી. ઉર્વશીએ વિવશતા દર્શાવી. પણ કહ્યું તમારો આ પુત્ર 'આયુ'ને સોંપવા જ અમે આવ્યા છીએ. આ મારો અને તમારો પુત્ર છે. તે તમારા જેવો શૂર પરાક્રમી અને મારા જેવો સુંદર છે. આપ સ્વીકારી લો. ઇન્દ્રની તેને સતત મદદ મળશે. એવું ઈન્દ્રે આપને ખાસ જણાવેલ છે.

કાલાંતરે આયુ ચંદ્રવંશનો પ્રખ્યાત રાજા બન્યો.

આ આખ્યાનનું સાધનાકીય રહસ્ય નીચે મુજબનું છે :

સંસ્કૃતમાં ઊરુનો અર્થ જાંઘ થાય છે. મૂલાધારથી ગોઠણ સુધીનો પ્રદેશ એ અવચેતનનો પ્રદેશ છે અને અવચેતનનું યોગ-ચક્ર ગોઠણમાં છે અને અચેતનનું પગની પાનીમાં.

ઉર્વશીને જાંઘમાંથી જન્મેલી કહી છે અથવા જાંઘના પ્રદેશમાં વસનારી તે ઉર્વશી (ઉઃ+વશી) તે જાણે અવચેતનને નિર્માણ કરેલી પ્રેરણા છે. માનવનાં હૃદયમાં નિર્માણ થતાં બધા વિકારો અવચેતને નિર્માણ કરેલાં હોય છે અને તેથી તે આપણને મોહ પમાડનાર ઉર્વશીઓ જ છે.

આપણો ચૈત્યપુરુષ આપણા શરીરરૂપી પુરમાં, શહેરમાં રહે છે. હજી તે પૂરેપૂરો વિકાસ પામેલો નથી. તે મનની પ્રેરણાનુસાર જીવે છે. વેદોમાં ચંદ્ર એ મનનું પ્રતીક ગણેલ છે, તેથી તે હજી ચંદ્રવંશીય છે. મનના વંશનો છે. તેના મનમાં, ચિત્તમાં હજી વિકારોનો કોલાહલ ચાલતો હોય છે, તેથી તે 'પુરુરવા' છે. શરીરમાં વિકારોનો ઘોંઘાટ હોએલો (પુરુ+રવા) તે પુરુરવા.

ઉર્વશી અવચેતનના પ્રભાવ નીચે હોવાથી કામ વિકારોને વશ થઈને પુરુરવાના પ્રેમમાં પડી તેથી તેનું સ્વર્ગમાંથી પતન થયું. દિવ્ય-મનરૂપી ઇન્દ્ર માટે

તેને માધ્યમ તરીકે વાપરવી અશક્ય બની ગયું. તે જ ઈન્દ્રનો શ્રાપ.

ઉર્વશી બે ઘેટાંનાં બચ્ચાં સાથે લાવેલી. ઘેટાં બુદ્ધિ અને વિવેક હીન ગણાય છે. અવચેતન અને અચેતનની યાંત્રિક પ્રતિક્રિયાઓનું પ્રતીક ઘેટાંનાં બન્ને બચ્ચાં છે. હજી ઉર્વશી ઉપર તેમનો પ્રભાવ હતો જ, તેથી સદા પોતાની પાસે રાખતી.

અંતે ઈન્દ્રે અર્થાત્ દિવ્યમને તેનો ઉદ્ધાર કરવાનું બીડું ઝડપ્યું. ઈન્દ્રની શક્તિને ભૂતળે અવતરણ કરાવવાનું કામ ગંધર્વ કરે છે. 'ગંધ અર્વતિ ઈતિ ગંધર્વઃ' ભૌતિક તત્ત્વનું ખાસ લક્ષણ ગંધ છે (જુઓ ''ગંધવતિ પૃથિવી'' - ન્યાયસારિકા) ગંધર્વોએ ઈન્દ્રનો પ્રભાવ ઠેઠ ઉર્વશીના શરીરરૂપી પૃથ્વી સુધી વિસ્તાર્યો. ઉર્વશીનાં મનમાં ફરી સ્વર્ગે જવાની ઈચ્છા થઈ. સારાં વિચારો, શુભ ભાવના કેળવવાની ઈચ્છા થઈ. ઘેટું ચોરાયું અર્થાત્ અવચેતનનાં પ્રભાવમાંથી ઉર્વશી છટકી. ઉર્વશીને પોતાનો સાચો માર્ગ દેખાયો. ત્યાં બીજી શરતનો ભંગ થયો અને તેણે સ્વર્ગનો રસ્તો પકડ્યો. અશુદ્ધ ભાવો શુદ્ધ થયા. હવે તે તદ્દન નિર્લેપ બની ગઈ, તેથી હંસ સ્વરૂપે રાજાને દેખાઈ. હંસ નીરક્ષીર વિવેકનું પ્રતીક છે. વિવેકબુદ્ધિનું પ્રતીક છે. તે શુદ્ધ બુદ્ધિએ રાજાને તેના જન્મનું દિવ્ય કાર્ય દર્શાવ્યું. તે જ 'આયુ'ને પાછા આપવું. આયુ એટલે દિવ્ય-જીવન જીવવાની પ્રેરણા.

---

(પૃષ્ઠ ૩૧ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

પુરુષોરૂપી આવિર્ભાવ કેન્દ્રો દ્વારા જ પરમ પ્રભુ પ્રગટ થતાં હોય છે. અહંકાર, અંતરાત્મા અને ચૈત્યપુરુષ પરમપ્રભુના એક-એકથી ચડતાં ક્રમમાં માનવોમાંના આવિર્ભાવો છે. પ્રકૃતિની શક્તિઓ મા ભગવતીની શક્તિઓ છે અને તે આ ત્રણેય પુરુષોનું સંચાલન કરતી હોય છે. પુરુષ આધાર સ્વરૂપ હોઈ તે પ્રકૃતિને સંમતિ આપતો હોય છે અને કક્ષા અનુસાર માનવજીવન જીવાતું હોય છે.

શ્રી અરવિન્દ સાવિત્રી મહાકાવ્યમાં સુંદર રીતે વર્ણવે છે કે :

This whole wide world is only he and she....
The two who are one are the secret of all powers.
The two who are one are the might and right in things....
Her play is real; a Mystery he fulfills:
There is a plan in the Mother's deep world-whim,
A purpose in her vast and random game. (Savitri Pg. 63-72)

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)
પ્રકરણ - ૭

## પુરુષ અને પ્રકૃતિ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

૧ **પ્રભુના ક્રિયાત્મક સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે પ્રકૃતિનાં બંધનમાંથી પુરુષને મુક્ત કરવો એટલું જ પૂરતું નથી. પૃ.૭**
૨ **પુરુષે નિમ્ન પ્રકૃતિની અવિદ્યામય શક્તિઓની લીલા સાથે એના આધિપત્યનો સંબંધ સ્વીકાર્યો છે તે... કાપી નાખી તેણે પરમાત્માની દિવ્યશક્તિ, મા ભગવતી સાથે પોતાનો સંબંધ જોડવાનો છે. પૃ.૭**
૩ **જેમ અવિદ્યાના અજ્ઞાનમાં ખૂંપેલો માનસિક, પ્રાણમય કે અન્નમય પુરુષ સ્વયં પોતે પ્રભુ નથી, જો કે તે આવે છે તો ભગવાનમાંથી જ - તેમ સામાન્ય પ્રકૃતિની આ યાંત્રિક રચના દિવ્ય મા ભગવતી પરાશક્તિ નથી. પૃ.૮**
૪ **પણ પરાશક્તિનું પોતાનું ‘‘સ્વ’’-રૂપ જોવા જઈએ તો એ શક્તિ અવિદ્યાની નહિ પરંતુ દિવ્યચેતના, દિવ્યશક્તિ અને દિવ્ય જ્યોતિર્મયતાની શક્તિ છે. પૃ.૮**

પ્રભુના આવિર્ભાવમાં પુરુષ અને પ્રકૃતિનો સંબંધ સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે કે પુરુષ સામાન્ય રીતે માનવોમાં પ્રકૃતિના નિમ્ન ગુણોથી દોરવાતો હોય છે. અપરા પ્રકૃતિના માર્ગદર્શન અને લીલા મુજબ કાર્ય કરતો હોય છે. Trial & Errorથી પ્રકૃતિ પોતાની પાસે અનંત સમય છે, તેમ માનીને અમાપ અખતરાઓ કરતી હોય છે.

આપણાં વ્યક્તિત્વ એટલે કે beingમાં ત્રણ પુરુષો રહેલાં છે. તેમનો આવિર્ભાવ, તેમના સ્થાન, શરીરની સંરચના મુજબ સ્થૂળ શરીરમાં અહંકાર, સૂક્ષ્મ શરીરમાં અંતરાત્મા અને કારણ શરીરમાં ચૈત્યપુરુષ છે. આ ત્રણેય પુરુષો પ્રભુના યજ્ઞના પુરોહિતો જેવા છે. સ્થૂળ રીતે અહંકાર અભાન અવસ્થામાં પ્રભુનો

આવિર્ભાવ કરવા મથતો હોય છે અને તેને જે શક્તિ સંચાલન કરે છે તે નિમ્ન પ્રકૃતિ હોય છે. આમાં સંવાદમયતા હોતી નથી. જાણે કે કોઈ અભાન પ્રયોગ આદરવામાં આવ્યો હોય તેવું લાગે છે. આયોજનનો અભાવ, ગડમથલ, વિનાશ અને પાછું અભાન સર્જન આ જીવનની ઘરેડ હોય છે. આમાં અનેક જન્મો પસાર થઈ જાય છે. અંતરાત્મા બાહ્ય અને અંતરતમ પુરુષોને જોડતી કડી જેવો હોય છે. તેમાં શુદ્ધતા હોય છે, પરંતુ દિવ્યતા ન હોવાથી અથવા દિવ્ય શક્તિઓનું પ્રત્યક્ષ સંચાલન ન હોવાથી તે દ્વારા જીવાતું જીવન પ્રભુનો આંશિક આવિર્ભાવ શક્ય બનાવે છે. આમાં ચોખઠામાં ગોઠવાયેલી સભાનતા હોય છે, આયોજન હોય છે. પરંતુ તેમાં પણ જડતા પેસી ગયેલી હોય છે. નૈતિક મૂલ્યો, ઉચ્ચ મૂલ્યો દ્વારા સમાજનું જીવન આ રીતે જીવાતું હોય છે. જીવનનો આવિર્ભાવ હોય છે પરંતુ છતાં પણ મૂળભૂત રીતે કંઈક ખામી વરતાય છે. હંમેશા અસંતોષ અને જાણે દિશાવિહીનતા લાગે છે. સામાન્ય રીતે અંતરાત્મા કોઈક વાર દિવ્યશક્તિઓના સંચાલનના - કાર્યના ચમકારાઓ અનુભવે છે અને સમજે છે કે અંતરાત્માના અવાજ મુજબ જીવન વિકસાવવું જોઈએ. આ પૂર્ણતા તરફની પ્રથમ પહેલ હોય છે. કારણ-શરીરમાં વસતો ચૈત્યપુરુષ પ્રથમથી જ જાગ્રત અને સભાન હોય છે. દિવ્ય ચેતનાના પ્રત્યક્ષ માર્ગદર્શન અને એકરૂપતાથી દોરવાતો હોય છે. પ્રભુનું આયોજન તેમાં જીવંત હોય છે અને તે મુજબ સભાનરીતે કાર્ય કરતો હોય છે.

આ રીતે પુરુષોના આવિર્ભાવ કેન્દ્રો જુદાં હોઈ તેમના દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર અને પ્રગટીકરણ પણ જુદાં જ અને એક બીજાની વિરુદ્ધના લાગે છે. આ એક લીલા માત્ર છે. શ્રી અરવિન્દ જણાવે છે કે પ્રભુના પ્રત્યક્ષ સંચાલનમાં સમગ્ર વ્યક્તિત્વને લાવવું જરૂરી છે. ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવાનો આગ્રહ શ્રી અરવિન્દ આ જ કારણસર રાખે છે. ચૈત્યપુરુષ દ્વારા દોરવાતું જીવન પ્રભુને પ્રગટ કરવા હંમેશા તૈયાર હોય છે.

આ પુરુષો અને તેના ભેદને કારણે અહંકારવશ આપણે એમ માનીએ છીએ જે કંઈ થઈ રહ્યું છે તે તો પ્રભુનો જ આવિર્ભાવ છે ને ! શા માટે પ્રયત્ન કરવા જોઈએ ? શ્રી અરવિન્દ જણાવે છે કે પરાશક્તિની મૂળ શક્તિ અવિદ્યા નથી પરંતુ દિવ્યચેતના છે. દિવ્ય જ્યોતિર્મયતા છે. દિવ્યચેતના અને દિવ્યપ્રકાશ મૂળ શક્તિઓ છે અને તેમના જ નિમ્ન કક્ષાના આવિર્ભાવો અને પ્રગટીકરણ અપરાશક્તિ અવિદ્યા વગેરે છે. જીવનની દોરવણી અજ્ઞાનમાંથી નહિ પરંતુ જ્ઞાનમાંથી કરવી, અંધકારમાંથી નહિ પરંતુ પ્રકાશમાંથી કરવી, અભાનતામાંથી નહિ પરંતુ દિવ્યચેતનાની સભાનતામાંથી કરવી, એમ શ્રી અરવિન્દ જણાવે છે. (પૃષ્ઠ ૨૯ ઉપર)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## અન્ન બાબતનું વલણ કેવું હોવું જોઈએ ?

પ્રકરણ - ૧૨

(Lights for students - P. 78-81)

૧ શરીરની જરૂરિયાત મુજબ આપણે લેતાં અન્નમાં સમન્વય અને સમતુલા જાળવવી જોઈએ, વધારે પડતું ભોજન શરીરને ભારે આળસુ બનાવે છે, ઓછું નબળાઈ ને રોગ લાવે છે. પૃ.૭૮

૨ યોગની દૃષ્ટિએ સ્વાદ પ્રત્યે વધુ પડતું આકર્ષણ અને જીવનમાં ભોજનને જ અવાસ્તવિક મહત્ત્વ યોગ્ય નથી. પૃ.૭૮

૩ ભોજન વખતે સ્વાદ માણો પણ ન મળે તો દુઃખ ન થવું જોઈએ. પૃ.૭૮

૪ આહારને જીવનમાં યોગ્ય અને જરૂરી જ મહત્ત્વ આપો. પૃ.૭૮

૫ મન અને પ્રાણ જો દખલગીરી ન કરે તો શરીર પોતે કેટલો અને કેવો આહાર લેવો તે બરાબર જાણે છે. પૃ.૭૮

૬ બાળપણથી ઇચ્છાઓ અને જરૂરિયાત વચ્ચેનો ભેદ બાળકને કરતા શીખવો. પૃ.૭૯

૭ સાદો, સાત્ત્વિક અને આરોગ્યપ્રદ આહારની પસંદગીનો બાળકને નાનપણથી અભ્યાસ કરાવો. પૃ.૭૯

૮ ખોરાક પોષક, સાદો, નશાકારક પદાર્થ વગરનો, વ્યવસ્થિત રસોઈ કરેલો અને શુદ્ધ તથા સૌમ્ય સ્વાદવાળો હોવો જોઈએ. તેમાં પ્રવાહી તથા ઘન ખોરાક બન્નેનું પ્રમાણ યોગ્ય હોવું જોઈએ. પૃ.૭૯

૯ ઉંમર, પ્રકૃતિ અને શારીરિક સ્થિતિ મુજબ ખોરાક હોવો જોઈએ. પૃ.૭૯

૧૦ શરીરની ક્ષાર તથા રાસાયણિક જરૂરિયાતોના જ્ઞાન ઉપર ખોરાકની પસંદગી હોવી જોઈએ. પૃ.૭૯

૧૧ આપણે ખોરાક સાથે અચેતનતાને પણ લેતા હોઈએ છીએ. તે માટે સતત પ્રકાશમય ચેતના બાબત સભાન રહીને આહારમાંથી ફક્ત પ્રકાશ લઈને

અન્ય અચેતન તત્ત્વોનો ત્યાગ કરવો જરૂરી છે. ધાર્મિક પદ્ધતિ જેમાં આહારને પ્રભુને નિવેદ તરીકે ધરીને ગ્રહણ કરવા પાછળ આ બૌદ્ધિક સ્પષ્ટીકરણ છે. આપણા અહંકાર માટે નહીં, પણ આપણા અંદર રહેલા પરમાત્મા માટે અન્ન યજ્ઞની આહુતિની જેમ સ્વીકારવાની ભાવના આ માટે જ છે. આપણામાંની અચેતનતાને ઘટાડવાનો આ પ્રયત્ન છે. પૃ.૮૦

૧૨ જમતી વખતે શાંત, પ્રસન્ન, સંતુષ્ટ અને એકાગ્ર રહો, જેથી તમે તમારા શાંત આનંદને વાતાવરણમાં પ્રગટાવી શકો. પૃ.૮૦

૧૩ સમગ્ર પાચન - તંત્રને ટીકાત્મક, કડવાશયુક્ત દુર્ભાવના યુક્ત, દાઢમાં બોલવાની ટેવ આ બધું ઉશ્કેરે છે અને પાચન-કાર્યમાં અવરોધ નિર્માણ કરે છે. વળી જો પાચન-સંસ્થા અસ્વસ્થ હોય તો ઉપરનાં દુષ્પરિણામો પણ દેખાવા માંડે છે. પૃ.૮૦

૧૪ સર્વસમાવેશ, શાંત, ઉદારતા અને દયાળુભાવ, મંગલભાવ અન્ન પચાવવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. પૃ.૮૧

૧૫ શાકભાજી જે તમારા અંતરાત્માને આમંત્રે તે જ ખાવાની માતાજીએ સૂચના આપેલી છે. જે બાબત અંતરમાં વિરોધ જન્મે તે શાકભાજી કે વસ્તુ ખાતા નહીં. પૃ.૮૧

---

(પૃષ્ઠ ૪૧ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

વૈચારિક, ભાવમય જીવન જ નથી ? આ તો તેમની કેવી સમજણ ? આને શું સમજણ કહેવાય કે અણસમજણ ?

આથી પણ આગળની ભૂલ તો અતિગંભીર છે. માનવને સૂક્ષ્મ બાબતોનું જ્ઞાન મેળવવાની ક્ષમતા ભગવાને આપેલી છે. તે ક્ષમતા જ ભ્રમ માની લેવામાં આવે તો માનવ આધ્યાત્મિક સત્યોને કેવી રીતે પ્રાપ્ત કરશે ? આ ક્ષમતાઓનો નકાર એટલે આધ્યાત્મિક - જીવનનો જ નકાર થયો. આ આવા બૌદ્ધિકોના બુદ્ધિના ચમકારા ગણવા કે બૌદ્ધિક દેવાળું.

સૂક્ષ્મ સત્યોને અસત્યનું લેબલ લગાડી આ લોકોએ ખરેખર આશ્ચર્ય સર્જ્યું છે. માનવ વિકાસની ઊર્ધ્વ - દિશાને અલીગઢના તાળા મારી દીધાં છે અને પોતાની મૂઢતાને વિદ્વત્તામાં ખપાવે છે. સત્યનિષ્ઠામાં ખપાવે છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## માદક પદાર્થોનો સાધનામાં ઉપયોગ

પ્રકરણ - ૧૩

(ખંડ-૨, પૃ.૬૨-૬૪) (તા.૨-૩-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** અમુક સાધુ સમાજમાં સમાધિ માટે અફીણ, ગાંજો અથવા દારૂનો ઘેન લાવવા ઉપયોગ કરવામાં આવે છે. શું ખરેખર તે સમાધિ પ્રાપ્ત કરવા ઉપયોગી છે?

**શ્રી અરવિન્દ :** ખરેખર સમાધિનો અર્થ તમે શું લો છો તેની ઉપર તેનો આધાર છે. ઘેન લાવનારી વસ્તુઓ શારીરિક મનના યાંત્રિક પુનરાવર્તનને બંદ પાડી દે છે. તેઓ મગજના અમુક કેન્દ્રોને બંદ પાડી દે છે. તેથી આવો છુટકારો મળે છે. પણ આ છુટકારો કાયમી સ્વરૂપનો હોતો નથી. ઘેનનો પ્રભાવ હોય તેટલા પૂરતો રહે છે. બીજું સાધના દરમિયાન શરીરમાં વધારે ઉર્જાનો ઘસારો શરીરમાં ગરમી પેદા કરે છે, તેથી યોગીઓ પર્વતોમાં ઠંડા પ્રદેશમાં રહેવાનું પસંદ કરે છે. પણ ત્યાંના અનિશ્ચિત અને વારંવાર પલટાતા વાતાવરણમાં અનુકૂળ થવા તેઓ આવા પદાર્થોનું સેવન કરતાં હોય છે. જો શારીરિક મનના યાંત્રિક પુનરાવર્તનમાંથી છુટકારો એ સમાધિ માનતા હો તો તેમાં તેમને થોડુંક યશ મળે છે. પણ સમાધિનો આ સાચો અર્થ નથી.

**શિષ્ય :** આ લોકોને ખરેખર તેવો છુટકારો મેળવવા મદદ થાય છે કે તેમનું મગજ બધિર થવાથી તેનાં સંવેદનો તેમને થતા નથી. પેઈન-કીલર જેવું તે કામ કરે છે?

**શ્રી અરવિન્દ :** ખરેખર તો તે પેઈન-કીલર જેવું જ કામ કરે છે પણ લોકોને શારીરિક મનના ત્રાસમાંથી ભાગી છૂટવાનું હોય છે, તેથી તેઓ આવા સહેલા ઉપાયો યોજે છે.

**શિષ્ય :** કેટલાક કવિઓ ઘેનમાં જ કવિતાઓ લખે છે. દા.ત. કોલેરિજ, ટેનિસને કબૂલ્યું છે કે તેણે પચ્ચીસ સિગારેટ ફૂંક્યા પછી તેને કાવ્યની પંક્તિ સૂઝી. તેથી ઘેનની અસર નીચે આવા અનુભવો થતા નથી એમ ન કહી શકાય. આશા રાખું છું કે તમે કોઈક ગંભીર નિર્ણય લેવા આ નિષ્કર્ષનો ઉપયોગ નહીં કરો.

**શિષ્ય :** મારા ઉપર ઘેનનાં પદાર્થો અસર કરતાં નથી. ફક્ત ઊંઘ આવી જાય છે. પણ મારે એટલું જ જાણવું છે કે તે ખરેખર સમાધિમાં જાય છે?

**શ્રી અરવિન્દ :** જો આંતરમુખ થવું એને સમાધિ કહેતા હો તો તેઓ તેની સ્થિતિ પ્રાપ્ત જરૂર કરે છે. તેઓ બાહ્ય-ચેતનાને ખોઈ બેસે છે. પણ આંતરિક રીતે તેઓ પ્રાણિક-ચેતનાથી ઉપર વધારે ઊઠતા જ નથી. પણ સાથે સાથે એ પણ સત્ય છે કે બ્રાહ્મી-સ્થિતિ પ્રાપ્ત કરવાથી અંતિમ સત્ય પ્રાપ્ત થઈ જ જાય છે તેમ પણ નથી. બ્રાહ્મી-સ્થિતિ એટલે જે તે કક્ષાની વિશાળતર ચેતના. તે પાર્થિવ, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય દરેક કક્ષાએ મેળવવી શક્ય છે. જ્યાં સુધી વિજ્ઞાનમય અને આનંદમય કક્ષાએ બ્રાહ્મી-સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અંતિમ-સત્યની ઝાંખી શક્ય નથી. અર્થાત્ દરેક કક્ષાની બ્રાહ્મી-સ્થિતિ જે તે કક્ષાની સિદ્ધિઓ જરૂર આપે છે.

**શિષ્ય :** પણ સિદ્ધિઓ પતનની શક્યતાઓ વધારે છે?

**શ્રી અરવિન્દ :** મને વડોદરામાં લેલેના માર્ગદર્શન નીચે મનોમય કક્ષાની બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થએલી જે લગભગ દોઢેક માસ રહેલી. તેમાં બધું સ્વપ્નના જેવું આભાસી લાગે છે. બધા આભાસો પાછળ એક નિરાકાર અસ્તિત્વ માત્ર છે એવું લાગે છે.

જ્યારે વ્યક્તિ આભાસો કરતા પેલા નિરાકાર અસ્તિત્વ ઉપર જ કેન્દ્રિત થઈ જાય છે ત્યારે ત્યાં નિર્વાણ કે શૂન્યતા સર્જાય છે (બ્રહ્મ નિર્વાણ - ગીતા) તેમાં તમે કાર્ય કરવા છતાં, નિષ્ક્રિય છો એવો ભાવ જન્મે છે, તેને વેદો અસદ્ કહે છે. તેમાંથી જ જગતરૂપી સદ્ નિર્માણ થયું. અસતઃ સદજાયત.

**શિષ્ય :** શું તે એક વાસ્તવિકતા હોય છે?

**શ્રી અરવિન્દ :** વાસ્તવિકતા એટલે શું? વાસ્તવિકતાનાં અનેક સ્તરો છે. બધે જ અમુક સત્ય પ્રાપ્ત થાય છે જ.

---

(પૃષ્ઠ ૧૯ ઉપરથી)

## સાવિત્રી

years) તે આવશ્યક હતું. તેણે ભરેલું આ પગલું માનવના આજની ક્ષમતાના પગલાંને અતિક્રમી જાય એવું હતું (out stripped the human stride). એનો આ સાધનાકાળ એ તેના અન્તર્મુખ જીવનનો કાળ બની ગયો હતો. તે પોતાની આંતરિક એકાંતતામાં જ જીવી રહ્યો હતો. પણ આ આંતરિક ચેતનામાં તેનો ચૈત્ય-સૂર્ય પૂર્ણ રીતે ઝળહળી રહ્યો હતો. તેની સાધના પ્રકાશમય-મન અને આંતરપ્રેરણાત્મક મન વચ્ચેના અવકાશમાં પાંખો વીંઝી રહી હતી. તેની ચેતનાનું ઊર્ધ્વ-ઉડાન વેગ પકડી રહ્યું હતું.

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિસમાજ પૃ.૧૧-૧૮)

## ભાવિ-સમાજ રચનાની શરતો

### અવતરણો - પ્રકરણ - ૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ભાવિ-સમાજની પૂર્વ તૈયારી**

આવા ભાવિ-સમાજને રચવા થોડીક પૂર્વ તૈયારીઓ જરૂરી છે. તે આધ્યાત્મિક-સમાજ એકદમ નહિ રચી શકે, પણ અત્યાર સુધી કરેલી તૈયારીઓ કરતાં વધારે સારી પૂર્વ તૈયારીઓ તો ગણાશે જ.

સર્વ સામાન્ય માનવને આવી આધ્યાત્મિક-સમાજ-રચનાની જરૂર જ જણાતી નથી, એ જ આ કાર્યમાંની સહુથી વિકટ મુશ્કેલી છે. તેથી સર્વ સામાન્ય માનવોના મનને તે માટે તૈયાર કરવા એ પૂર્વ તૈયારીની શરૂઆત ગણાશે.

માનવ હાલમાં જડવાદી વિચારસરણીનાં પ્રભાવ નીચે છે. ભૌતિક જીવન જ સત્ય છે અને તેના સિવાય અન્ય કક્ષાનું જીવન જ નથી, એવી એમની દૃઢ માન્યતા હોય છે. તેથી ભૌતિક સુવિધા અને સુખોપભોગને જ સહુથી વધારે મહત્ત્વ આપવામાં આવે છે.

તેથી પ્રથમ જીવન બહુસ્તરીય ઘટના છે, એ તેમને સમજાવવું પડશે. તેમને આત્મા, તેની શક્તિ અને ક્ષમતાઓ, તેનો વિકાસ અને તેની ભૌતિક-જીવનમાંની અભિવ્યક્તિ વગેરે બાબત સમજણ મળતાં જ તેઓ પ્રગતિ એટલે આર્થિક અને ભૌતિક પ્રગતિ જ એ સંકુચિત વિચારો છોડીને અન્ય વિકાસ માટે પણ પ્રયત્નશીલ બનશે. તેમના પ્રયત્નોને પોષક સામાજિક વાતાવરણ હોય એવી તેમની અપેક્ષા જન્મશે. આંતરિક-વિકાસનું મહત્ત્વ વધશે. આ બધાં જ આધ્યાત્મિક પરિવર્તનનાં પ્રાથમિક ચિન્હો છે.

આ બધી વિગતો પ્રથમ તત્ત્વજ્ઞાન માનસશાસ્ત્ર, સામાજિક આદર્શ, રાજકીય હક્કોની માંગણી, શિક્ષણ વગેરે દ્વારા પ્રકટ થશે. સ્થૂલ અને સ્વાર્થી

ઉપયોગિતાવાદને બદલે કલ્યાણકારી યોજનાઓનું મહત્ત્વ વધશે.

વિજ્ઞાનમાંની નવી શોધો આત્મા અને જડ ભૌતિક તત્ત્વનાં તીવ્રભેદને ભૂંસી નાખશે. ભૌતિક સૃષ્ટિ પાછળની સૂક્ષ્મ સૃષ્ટિઓ બાબત જાણવા મળશે. પારમાનસશાસ્ત્ર આ ક્ષેત્રમાં વધારે ક્રાંતિ સર્જશે. આવી રીતે સર્વસાધારણ આત્માભિમુખ વૃત્તિ કેળવાશે. પણ આવી વૃત્તિ કાંઈ આધ્યાત્મિક સમાજ રચવાની શક્તિ ધરાવતી નથી. આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવા માટે અનેક અંતરિયાળ તબક્કાઓને પસાર કરવાનાં રહેશે. ઉપનિષદમાં વરુણપુત્ર ભૃગુની કથા આવે છે, જેમાં ક્રમે ક્રમે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થતો દર્શાવેલ છે. ભૃગુને પ્રથમ જડ-ભૌતિક જગતને જ અંતિમ બ્રહ્મ તરીકે ઉપાસવા કહ્યું છે. તે પછી પ્રાણતત્ત્વ, મનસતત્ત્વ વગેરેની ઉપાસના બાદ અંતે આ બન્ને પણ જેનાં ફક્ત બાહ્ય આવરણો માત્ર છે એવી ઋત્-ચેતનાને બ્રહ્મ તરીકે ઉપાસવાની સલાહ આપવામાં આવે છે. ત્યારે જ સાચી આધ્યાત્મિકતા ભૃગુઋષિને પ્રાપ્ત થાય છે. ત્યારે જ ભૃગુ કાલાતીત સર્જન-પ્રક્રિયાને જાણી શકે છે, જેના આધારે તેઓ ત્રિકાળજ્ઞાની બનેલાં અને સર્વવ્યાપી વિષ્ણુ ચેતનામાં પ્રવેશેલા પ્રથમ માનવ ગણાએલાં. તેથી જ તો વિષ્ણુને 'ભૃગુ લાંછન' તરીકે વર્ણવાય છે. (ભૃગુનાં પગલાંનો ડાઘ ધારણ કરનારા)

**પ્રભુનો અર્થાત્ જગતના ત્રણ સત્યોનો સાક્ષાત્કાર :**

જગતમાં છુપાયેલાં ત્રણ સત્યો છે. તે છે પ્રભુ, સ્વતંત્રતા અને એકતા. ખરેખર તો આ ત્રણ સ્વતંત્ર સત્યો નથી, પણ એક જ પરમસત્યનાં ત્રણ પાસાં છે. પરમ-સત્યની જે પરમ-આદ્યા-શક્તિ છે તે પ્રભુ તરીકે અનુભવાય છે. તે શક્તિ પૂર્ણ રીતે સ્વતંત્ર છે. અને તે એક જ શક્તિ છે. તેમાંથી વિવિધ શક્તિઓ આવિર્ભાવ પામી છે. આ જે નીચેથી જોતાં ત્રણ સત્યો જણાય છે. તે જ ઉપરથી જોતાં ફક્ત એક ચિન્મય-શક્તિસ્વરૂપ લાગે છે. પણ આ શક્તિ અપરા-પ્રકૃતિથી, અશુદ્ધ પ્રકૃતિથી ઢંકાએલી છે, તેથી તે નિમ્નસ્તરે ઈશને બદલે અનીશ, સ્વતંત્રને બદલે પરતંત્ર અને એકને બદલે અનેક લાગે છે.

મૂળ ત્રણે સત્યોની એકતાને કારણે પ્રભુનો સાક્ષાત્કાર થતાં સ્વતંત્રતા અને એકતા પોતાની મેળે પ્રાપ્ત થઈ જાય છે. આપણામાંના દરેકનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે

(પૃષ્ઠ ૪૦ ઉપર)

# વેદનું રહસ્ય

- શ્રી અરવિન્દ

## વેદોનાં લુપ્ત અર્થઘટનના પ્રયત્નો

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૪૫-૫૮)

પ્રકરણ -૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

આ ભૂમિકાથી આપણે યાસ્કના નિઘંટ અને સાયણના વેદ-ભાષ્યનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. યાસ્કે શબ્દકોષકાર તરીકે વૈદિક શબ્દોનાં પ્રચલિત અર્થો ખૂબ જ વિશ્વસનીય રીતે આપ્યાં છે. પણ જ્યારે તે, તે શબ્દની વ્યુત્પત્તિના જોરે કોઈ અર્થ કાઢવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેનો પ્રયત્ન નૈસર્ગિક અને વિશ્વસનીય લાગતો નથી. ખરેખર તો વ્યુત્પત્તિશાસ્ત્રમાં વિવિધ ભાષાઓમાં એક જ બાબતમાં વપરાતા શબ્દોનો તુલનાત્મક અભ્યાસ કરીને તે શબ્દ તબક્કાનુસાર કેવી રીતે વિકાસ પામ્યો એનું સંશોધન કરવામાં આવે છે. યાસ્ક ભારતીય સંસ્કૃત સિવાય જગતની અન્ય કોઈ ભાષા જાણતા હોવાનો સંભવ નથી અને તેવો ક્યાંય તેમણે ઉલ્લેખ પણ કરેલ નથી. તેથી તેમણે સંસ્કૃતમાંના જ સમાન ઉચ્ચારના બે જુદાજુદા અર્થના શબ્દોને જોડીને તેમનો અર્થ કાઢ્યો. તે અનૈસર્ગિક વસ્તુ લાગે છે. ખરેખર તો ઉપરના અર્થમાં વ્યુત્પત્તિશાસ્ત્ર એ યુરોપિયન વિદ્વાનોની દેન છે. ભારતીયો શબ્દમાંનો મૂળ ધાતુ શોધીને જ વ્યત્પત્તિ કરતા. દા.ત., પતંજલિએ વ્યાકરણમાં વ્યાઘ્રનો અર્થ વ્યાજીઘ્રતિ ઇતિ વ્યાઘ્ર એવો અર્થ આપેલો છે. વ્યાજીઘ્રતિનો અર્થ સુંઘી સુંઘીને આગળ વધનાર પ્રાણી.

યાસ્કે યજ્ઞવિધિને અનુરૂપ જ વ્યુત્પત્તિ દર્શાવવાનો જે પ્રયત્ન કરેલ છે તે યોગ્ય નથી.

અર્થાત્ વૈદિક શબ્દોનાં સાચા અર્થ શોધવા તે વખતે મુશ્કેલ બની ગયું હતું. કારણ શકહૂણોની ચડાઈ અને લૂંટફાટથી આશ્રમપદ્ધતિ જ્યાં આ સાચા અર્થ ઋષિ દીક્ષિત શિષ્યને સમજાવતાં તે જ નષ્ટ થઈ ગઈ હતી અને તેને સ્થાને ગામેગામ પંડિતોની પાઠશાળાઓ ખૂલી ગઈ હતી, જેમાં યજ્ઞપરક જ અર્થો શીખવવામાં

આવતા.

સાયણના વેદભાષ્ય વખતે તો ઉપર મુજબની સ્થિતિ ગંભીર બની ગઈ હતી. પણ તેમણે તે સમયના ભારતભરના વિદ્વાનોના સહકારથી ચર્ચાઓ કરી સાયણભાષ્યનો ખૂબ જ વિસ્તૃત ગ્રંથ તૈયાર કર્યો. તેણે પણ ભૂમિકા તો યાસ્કની જ લીધી છે પણ ખેંચીતાણીને અર્થ ઠોકી બેસાડવાના પ્રયત્નો યથાશક્તિ ટાળ્યાં છે. તેની તર્કશુદ્ધતાની પ્રશંસા તો યુરોપિયન વિદ્વાનો પણ કરે છે.

સારાંશ, બંને પ્રયત્નોમાં ઋષિઓની મૌલિકતા અને અધ્યાત્મ પાછળ ધકેલાઈ ગયું છે અને યજ્ઞવિધિની આજુબાજુ સૂક્તો ગોઠવીને તેમને એક ભાવમય વાતાવરણ રચવા માટે જ પ્રયોજ્યા છે, તેમાં સાધના નથી, યજ્ઞની મહત્તા વધારવાનો જ પ્રયત્ન વધારે છે.

અર્થાત્ આથી આ બંને પ્રયત્નોનું મહત્ત્વ ઘટતું નથી. ભવ્ય ભૂતકાળના પરંપરાના અવશેષોને સાચવી રાખવાની તેમણે કામગીરી કરેલી જ છે.

ગીતામાં આ પરિસ્થિતિનો સ્પષ્ટ ઉલ્લેખ છે. વેદ દિવ્યજ્ઞાન છે એની ઉપર શ્રીકૃષ્ણે પંદરમા અધ્યાયમાંના પંદરમા જ શ્લોકમાં ખૂબ જ ભાર મૂક્યો છે. ''વેદૈશ્ચ સર્વૈ રહમેવ વેદ્યો (૧૫/૧૫)'' જ્યારે બીજા અધ્યાયમાંના બેતાલીસમાં શ્લોકમાં યજ્ઞપરક કર્મકાંડીઓના અતિરેકી આશ્વાસનોની ઝાટકણી પણ ઉઘાડી રીતે કરેલ છે. (યામિમાં પુષ્પિતાં વાચં પ્રવદન્ત્યવિપશ્ચિતઃ ૨/૪૨)

સાયણે યજ્ઞપરક અર્થ લગાડતી વખતે વેદમાંના અન્ય અર્થોને તેને અનુરૂપ ગોઠવ્યાં છે. અર્થાત્ જ્યાં સ્પષ્ટ અને અસંદિગ્ધ અર્થ છે ત્યાં તેમણે તેમને છે એ જ રીતે માન્ય રાખ્યા છે. દા.ત. વૃત્રનો અર્થ આવૃત્ત કરી નાખનાર, આચ્છાદિત કરી નાખનાર અસુર. તેમણે તેનો અર્થ આવૃત્ત કરી નાખનાર, આચ્છાદિત કરનાર અચેતનતત્ત્વ એવો માનસશાસ્ત્રીય અર્થ ન લેતા મેઘ લોકોને આપવાના જળને પોતામાં સંતાડી રાખે છે, તેથી મેઘનાં વાદળાં જ વૃત્ર અને તેનો નાશ વર્ષાનાં દેવ ઈન્દ્ર કરીને વર્ષા પાડે છે એવો ભૌતિક અર્થ લીધો છે. પુરાણોની કથાઓ પણ બાહ્ય ઘટનાઓ મુજબ વર્ણવી તેણે તેનો માનસશાસ્ત્રીય કે આધ્યાત્મિક અર્થઘટન કરવાનો પ્રયત્ન કરેલ નથી. વેદોમાં આવતી ઐતિહાસિક વાર્તાઓ જે વેદોનો ગૂઢાર્થ પ્રગટ કરવા વેદોમાં વણેલી તેનો ઉલ્લેખ કરે છે પણ કમને, કારણ તેમાંથી વેદવિધિને પોષક અર્થ જ નીકળતો નથી, પણ પોતાના હેતુ સારવા તે કથાને અનુરૂપ યજ્ઞવિધિપરક કોઈ સમાનાર્થી અર્થ સૂચવે છે. પણ બંને પૈકી કયો નિશ્ચિત અર્થ લેવો તે વાચક ઉપર છોડી દે છે. પોતે વિવાદમાં

ઉતરવા માગતા નથી.

વેદોમાંનું છેલ્લું તત્ત્વ છે પ્રાકૃતિક અર્થ, જેના આધારે જ યુરોપિયન વિદ્વાનો વેદોને પ્રકૃતિ-પૂજક ધર્મવાળા સામાન્ય ગ્રંથો તરીકે ખપાવે છે. વેદોમાં મિત્ર એટલે દિવસ, વરુણ એટલે રાત્રી, અર્યમા અને ભગ એટલે સૂર્ય, ઋભુ એટલે સૂર્યકિરણો. આ ઉલ્લેખોનો યજ્ઞવિધિ સાથેનો સંબંધ તે સ્થાપિત કરી શકેલ નથી, તેથી તે બાબત મૌન રહી વિવેક રાખેલ છે.

સારાંશ, સાયણે, યજ્ઞવિધિ પરક અર્થને જ મહત્ત્વ આપેલ છે, તેથી બધા જ મંત્રોનો સંદર્ભ પુરોહિતની દક્ષિણા, યજ્ઞના યજમાન, પ્રાર્થના, શત્રુનાશ, સંપત્તિ, આરોગ્ય, વિજય, દીર્ઘાયુષ્ય, પુત્રપૌત્રાદિ વગેરે બાબતના જ ગણેલ છે.

સારાંશ, સાયણનું વેદભાષ્ય પણ વેદોના મર્મને શોધવામાં મદદરૂપ થતું નથી. તે એક પ્રાથમિક સાધન તરીકે વાપરી શકાય પણ વેદોના મર્મમાં પ્રવેશવા તેમનો ત્યાગ જરૂરી બની જાય છે.

---

(પૃષ્ઠ ૩૭ ઉપરથી)

## ભાવિ સમાજ

તે આ પ્રભુનો જ અંશ છે. તેથી તેનો સાક્ષાત્કાર થતાં સ્વતંત્રતા અને એકતા પોતાની મેળે પ્રાપ્ત થઈ જાય છે. તેની પ્રાપ્તિ વગરની સ્વતંત્રતા અને એકતા ભ્રામક, ક્ષણજીવી અને તેથી વિકૃતિને આધિન જ રહે છે. દા.ત. પ્રભુના આધ્યાત્મિક અધિષ્ઠાન વગરની રાષ્ટ્રની સ્વતંત્રતા અને એકતા બંધારણમાંના આદર્શો બની જાય છે. તે ભ્રામક સંતોષ નિર્માણ કરે છે.

પ્રભુ તો માનવ તેને શોધી જીવનમાં સ્થાન આપે માટે તૈયાર જ છે, પણ આપણે પ્રભુને સાચી દિશામાં શોધતા નથી. પ્રભુની મૂર્તિઓ, ધાર્મિક સ્થળો, યજ્ઞયાગાદિ કર્મકાંડ, યાત્રા પ્રવાસોમાં, સંગમ-સ્નાન અને પ્રાયશ્ચિત વિધિમાં શોધીએ છીએ અથવા બાહ્ય પ્રાર્થનાઓમાં શોધીએ છીએ. આ બધી પ્રવૃત્તિમાં આપણા પ્રાણમય અહંને જ સંતોષ મળે છે, પ્રભુ પ્રાપ્તિનો નહિ. પ્રભુને અંદર શોધવાનાં છે. પોતાના અહંથી પણ ઊંડે રહેલ અન્તસ્તમ ચેતના તરીકે અનુભવવાનાં છે. ત્યારે જ જીવનમાં સાચી આધ્યાત્મિકતા પ્રકટ થવાની શરૂઆત થશે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૩૮-૩૯) પ્રકરણ-૧૧

## બુદ્ધિના ચમકારા કે દેવાળું !

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**લોકોએ મને કહ્યું કે આ બધી વસ્તુઓ ભ્રમ છે. મેં તપાસ કરી કે ભ્રમ એટલે શું હશે અને મને જણાયું કે માણસને જ્યારે કોઈ આંતિરક અથવા તો ચિત્તની ભૂમિકાનો અનુભવ થતો હોય છે અને તેને મળતી કોઈ બાહ્ય અથવા તો સ્થૂળ રીતની વાસ્તવિક વસ્તુ જોવા મળતી નથી, ત્યારે લોકો તેને ભ્રમનું નામ આપે છે અને પછી માનવ બુદ્ધિના ચમત્કારો વિષે આશ્ચર્ય અનુભવતો હું બેઠો છું (૧૧)**

શ્રી અરવિન્દને સૂક્ષ્મ જગતોની અનુભૂતિઓ આવી રહી છે તે આંતિરક અનુભૂતિઓ હોય છે. ચિત્તમાં જ અનુભવાય છે. લોકોને તેની વાત કરતાં તે તથા કથિત વિજ્ઞાનીઓ, વિદ્વાનો, ભૌતિકવાદીઓએ કહ્યું કે આ બધી વસ્તુઓ તમારા ચિત્તભ્રમ સિવાય કાંઈ નથી. શ્રી અરવિન્દને આશ્ચર્ય લાગ્યું, કારણ તેમને તે અનુભૂતિઓ અતિ સ્પષ્ટ રીતે આવેલી અને તેના દૂરગામી પરિણામો તેમના જીવનમાં, સમજણમાં પડવા લાગેલા. તેથી તેમણે ભ્રમ એટલે આ લોકોના મતે ખરેખર શું છે તે જોવાનો પ્રયત્ન કર્યો અને તેમને જણાયું કે જે વસ્તુ આંતરિક રીતે ચિત્તમાં અનુભવાય અને તેને લગતી સંબંધિત વસ્તુ ભૌતિક જગતમાં અસ્તિત્વમાં જ ન હોય તેને તેઓ ભ્રમ કહે છે. તો શ્રી અરવિન્દને વિચાર આવ્યો કે શું ચિત્તના બધા વિકારો દ્વેષ, રાગ, મોહ આ બધા જ શું નકરા ભ્રમ છે, કારણ તેને મળતી વસ્તુ તો ભૌતિક જગતમાં નથી. શું પ્રેમ, કરુણા, માનવતા, વાત્સલ્ય આ બધા ભાવો ભ્રમ જ છે?

શ્રી અરવિન્દને આ બૌદ્ધિકોની સમજણના આવા મૂર્ખાઈભરેલા ચમકારાનું આશ્ચર્ય થયું. શું માનવ ફક્ત એક ભૌતિક પ્રાણી જ છે. તેનું કોઈ માનસિક,

(પૃષ્ઠ ૩૩ ઉપર)

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## કુદરત ઉપર વિજય

(પેજ - -૧૩૪-૧૩૫)

**સીતાનું અપહરણ રાવણે કર્યું. તેને લંકાની અશોક વાટિકામાં નજરકેદ રાખી. રામે પોતાની પત્નીને છોડાવવા લંકા ઉપર ચડાઈ કરવાનું નક્કી કર્યું અને ભારત દેશના દક્ષિણ છેડે સમુદ્ર કિનારે આવી પહોંચ્યા. પણ પ્રશ્ન નિર્માણ થયો, આ મહાસાગરને કેવી રીતે પાર કરવો ?**

**તેમણે મહાસાગરને મદદ માટે વિનંતિ કરી, પણ સાગર તો પોતાની મસ્તીમાં ઘૂઘવતો રહ્યો. અંતે રામે પોતાનું બાણ ચડાવ્યું ને સમુદ્રના ઊંડા પાણીમાં તાકીને માર્યું. સમુદ્રમાંના પ્રાણી-જગતમાં ખળભળાટ મચી ગયો. સમુદ્ર સફાળો જાગી ગયો. તેણે એક બ્રાહ્મણનું રૂપ લઈને રત્નોથી ભરેલો એક સોનાનો થાળ શ્રીરામના ચરણે ધર્યો :**

**''હે પ્રભુ રામ ! હું પર્વત, પૃથ્વી જેવો જડ બુદ્ધિનો છું. આપને ઓળખી ન શક્યો. ક્ષમા કરો.''**

**''હે સમુદ્ર, મારા સૈન્યને પેલેપાર જવાની યુક્તિ દર્શાવો.''**

**''હે રામ, તારા સૈનિકો રામનામ લખેલા પથ્થરો સમુદ્રમાં નાંખશે તો હું તેમને તરતા રાખીશ. તેમને ગોઠવી તમે સેતુ બાંધો અને મને પાર કરો.''**

**આમ, રામે કુદરત ઉપર વિજય મેળવ્યો. આપણે પણ આવો વિજય મેળવી તેનો ઉપયોગ માનવ-જાતિના વિકાસમાં કરવાનો છે. બાબર, સિકંદર, સીઝર જેવા વિજેતાઓ કરતાં આવા વિજેતાઓ મહાન છે. વિજેતા બનવા દરેક વસ્તુ જાણવાની જિજ્ઞાસા સેવો, પ્રયત્ન કરી જાણી લો. એક દિવસ તમે પણ રામની જેમ કુદરતના વિજેતા બનશો.**

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૧૬-૧૨૧)

**અવતરણો** પ્રકરણ - ૧૮

## ચૈત્યપુરુષ સાથે એકરૂપતા

13 To will it is a constant concentrated aspiration, an almost exclusive occupation of consciousness. This is first step..... There are many others - a very attentive - observation, a very persisent analysis, a very keen discernment of what is pure..... and what is not. P.121

14 Psychic being is there precisely to put you in contact with the divine force. P.122

15 When the consciousness feels imprisonment in its too narrow external mould what should one do ?..... you must concentrate all the forces of aspiration - keep as quiet as you can.... calling with a great confidence that the answer will come..... with your aspiration and concentrated forces (and) your inner flame press gently upon - your outer crust. P.122

16 If you fight you will get nothing (except restlessness) P.122

17 Gather all the strings of your consciousness..... take a plunge and sink down. A fire is burning in the deep quietude of the heart. It is..... your true being (divinity) Hear its voice, follow it. P.123

18 There are other centres of concentration - one above the crown and another between the eye-brows - each will give you a particular result. But the central being lies in the heart and from the heart proceed all central movements. P.123

19 The change of consciousness and its preparation have often been compared to the formation of a chick in an egg. P.123

20 Draw back from the surface, dive deep. ..... there is a kind of something warm, quiet, rich..... very still, very full, a sense of sweetness..... that is the soul. And you persist and are conscious then there comes..... like the reflection in very peaceful water of something eternal..... That is when you have touched the core of the soul. It liberates you from bondage of outer forms. ..... the sense of eternity includes also the sense of sweetness, It is extremely comfortable. P.124

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ચેતનાને સજાગ-ચેતના કરવાની બધી પદ્ધતિઓ આ સિદ્ધાંત મુજબ વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. દા.ત. (૧) ઊર્ધ્વચેતનામાં પ્રવેશીને રહેવું. તેમાં

આપણી ચેતના બાહ્ય-ચેતનાના સ્તરેથી ઊર્ધ્વગમન કરીને ઊર્ધ્વ-ચેતનામાં પ્રવેશે છે. તે પ્રવેશ સાથે જ જગતનું દર્શન જ ફરી જાય છે. તમે જગતને ઊર્ધ્વમાંથી કોઈ પર્વતના ટોચ ઉપરથી જોતા હો એ રીતે જગત બહુ જ નાનું લાગે છે અથવા તો સપના જેવું લાગવા માંડે છે. આવી ચેતનામાં પ્રવેશતા જ આ ચેતનાના પ્રભાવ નીચે શરીરનાં કોષો રોગોનાં આંદોલનોને પોતાની મેળે મારી હઠાવે છે. ઊર્ધ્વ ચેતનામાંનો પ્રવેશ એટલે વિશ્વ-ચેતનામાં પ્રવેશ હોય છે. તમે કોઈ મર્યાદિત વસ્તુ કે સ્વરૂપથી બંધાતા નથી, પણ તેને વ્યાપીને અને તેમાં ઓતપ્રોત રહીને રહેલા છે એવો અનુભવ થાય છે. આ ચેતનામાંથી દિવ્ય-શક્તિઓ અવતરણ પામી આપણા કોષોમાં જઈ કાર્ય કરે છે અને રોગ નિવારણ કરે છે. (૨) તમે ઊર્ધ્વ-ચેતનામાં ન પ્રવેશતા આંતર-ચેતનામાં પ્રવેશી ચૈત્યપુરુષનો સંપર્ક સાધો છો. ચૈત્યપુરુષ દ્વારા જ પ્રભુ કાર્ય કરતા હોવાથી અને તેમાં જ આપણી બાબતનો સંકલ્પ ઘરબાએલો હોવાથી તે સંકલ્પબળ જાગૃત થઈને દિવ્ય-શક્તિઓને પોતાના આવિર્ભાવ માટે નીચે કોષોમાં અવતરણ કરાવે છે. તે દિવ્ય-શક્તિઓ જ રોગોના આંદોલનોનો નાશ કરે છે.

પ્રભુના સંકલ્પમાંથી જે આંતરપ્રેરણાઓ આપણને પ્રાપ્ત થાય છે તે કોઈપણ સ્થળે, કાળે પરિસ્થિતિમાં થઈ શકે છે. કાંઈક સાંભળતા, કાંઈક વાંચતા, કાંઈક વિચારતા, કાંઈક જોતા કે કામ કરતા તે અચાનક ઝબકી ઊઠે છે. તે વખતે તમારી એકાગ્રતાભરી સ્થિતિ હોય છે જે જરૂરી છે. (૩) સજાગ - ચેતના રચવાનો ત્રીજો પણ માર્ગ છે. તેમાં તમે અચાનક જ્યારે કોઈ તીવ્ર આંતરિક આનંદ અનુભવ્યો હોય, આંતરિક ભાવોનું સૌંદર્ય અને શુદ્ધતા માણી હોય, આંતરિક પ્રકાશની અનુભૂતિ થઈ હોય, કોઈક અકલ્પનિય વિશાલતાનો અનુભવ થયો હોય તો તેવા આંતરિક-ચેતનામાં કે ઊર્ધ્વ-ચેતનામાં અજાણતા જ પ્રવેશીને લીધેલા અનુભવોની તાદૃશ્ય સ્મૃતિ નિર્માણ કરો. તે પ્રસંગને વારંવાર જીવી જવાનો, તેમાં રહેવાનો અભ્યાસ કરો. આ અભ્યાસથી તમને આંતરિક-ચેતનામાં કે ઊર્ધ્વ-ચેતનામાં તમે કયા માર્ગે પ્રવેશેલા તે માર્ગ અચાનક જડી જશે. પછી તે માર્ગે તે ચેતનામાં પ્રવેશવાનો અભ્યાસ કરી તેમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લો. હવે તમે જ્યારે ઇચ્છા થશે ત્યારે જે તે ચેતનામાં પ્રવેશવા હકદાર બની જાઓ છો. આવી રીતે જે તે ચેતનામાં પ્રવેશીને પછી પોતાના ચૈત્યપુરુષ સાથે વિનિમય કરી તમે રોગ નિવારણ કરી શકો છો.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ઑગસ્ટનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

## પરમપ્રભુની કૃપાની મહોર

સમજૂતી : કમલેશ માંડવિયા

કપરા કાળમાં આપણે સંજોગો સામે માનવીય-પ્રયત્નોથી બાખોડિયાં ભરતાં હોઈએ છીએ અને અચાનક એક બિનઆમંત્રિત મહેમાન બનીને મુશ્કેલી આપણી સામે આવીને ઊભી રહે છે. આપણે તે સંજોગોમાં કદાચ સમયગાળા પૂરતાં જીતી પણ જઈએ છીએ અથવા તે જીત મેળવવાની ખેવનાની હારમાં પણ હમેંશા એક મૂલ્યવાન વસ્તુ લપાઈને બેઠી હોય છે, તે છે કંઈક શીખવા મળ્યું તે રૂપે મળી આવતી બક્ષિસ. આપણે જાણી શકીએ છીએ કે આ દેખીતી નિષ્ફળતાની પાછળ પણ એક કિંમતી વસ્તુ આપણી પ્રગતિ માટે હોય છે, જેને આપણે યોગ્યરીતે લણી લઈને આત્મસાત્ કરી લેવી પડે છે. આપણે સંજોગોને જીતવા માટે પુકાર નથી કરવાનો, પરંતુ સંજોગોની પાર્શ્વભૂમિમાં જે **"Yes"** છે. જે પ્રભુનો સંદેશો છે. તેને જોવા, સમજવા માટે પુકાર કરવાનો છે અને આપણે જોઈશું કે આપણો સંઘર્ષ ઘણો બધો ઓછો થઈ ગયો છે.

જ્યારે જીવનમાં આપણું સર્વસ્વ હોમ કરીને આગળ વધતા હોઈએ છીએ અને કોઈ એક મુકામે અટકી જઈએ છીએ, ત્યારે યાદ રાખજો તે જ મુકામ આપણી જીવનયાત્રાના આરંભબિન્દુ તરીકે ઊભરી આવે છે અને આપણે જાણીએ છીએ કે આપણા પોતાનાં માનવીય પ્રયત્નો પર એકાંગી આધાર ન રાખતા, પરમપ્રભુને પણ આપણે આધાર બનાવીએ છીએ. તેની પરમ-કૃપા આપણને આ મુકામેથી એક ઈંચ આગળ વધવામાં મદદરૂપ બને છે અને જે આપણે બિનઆમંત્રિત મુશ્કેલીઓ લાગતી હતી તેની સામે હવે નજર મેળવીને સામનો કરી શકીએ છીએ. આ છે પરમપ્રભુની કૃપાની મહોરની નિશાની!

## આનંદ

- હર્ષદ ઠકરાર

| | |
|---|---|
| Anand | belongs to the Supreme Lord. |
| Ecstacy | belongs to perfect yogi. |
| Joy | belongs to desireless man |
| Pleasure | is within the reach of all with its inevitable accompaniment of suffering. |

**- The Mother**

| | |
|---|---|
| આનંદ | પરમોચ્ચ પ્રભુમાં રહેલો છે. |
| ઉલ્લાસ | પૂર્ણ યોગીમાં રહેલો છે. |
| હર્ષ | ઈચ્છામુક્ત માનવમાં રહેલો છે. |
| ખુશી | સામાન્ય માનવમાં અનિવાર્યપણે દુઃખ સાથે રહેલી છે. |

**- શ્રી માતાજી**

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ પરમ ચેતના જ્યારે આવિર્ભાવ પામે છે ત્યારે આનંદ આપોઆપ અભિવ્યક્ત થાય છે. પરમ ચેતના જેમ જેમ નિમ્ન ચેતનામાં અવતરતી જાય છે તેમ તેમ તેમાં અશુદ્ધિઓ ભળવાથી આનંદ તેના શુદ્ધ સ્વરૂપે અભિવ્યક્ત થતો નથી, પરંતુ ચેતનાની ભૂમિકા મુજબ ઉલ્લાસ, હર્ષ, ખુશી તરીકે અભિવ્યક્ત થાય છે.

શુદ્ધ આનંદ હંમેશા આનંદસ્વરૂપે અભિવ્યક્ત થાય છે. જ્યારે ઉલ્લાસ, હર્ષ, ખુશી વગેરે તેના વિરોધી ભાવ દુઃખ, નિરાશા, વિષાદ વગેરે પાસે પણ અભિવ્યક્ત થાય છે.

દુઃખ, નિરાશા, વિષાદ વગેરેની અભિવ્યક્તિનું કારણ માનવમાં રહેલું

અજ્ઞાન છે. માનવ જ્યાં સુધી અચેતસ્ અવસ્થામાં જીવન વ્યતિત કરે છે ત્યારે તે આત્માની પરમચેતનાને બદલે મન, પ્રાણ અને શરીરની ચેતનામાં જીવન વ્યતીત કરે છે. આથી માનવ શરીરની સુખસગવડ, પ્રાણની માંગણી સંતોષવા અને મનની ઈચ્છાની પ્રાપ્તિ માટે હમેશાં પ્રયત્નશીલ હોય છે. આ કારણોસર માનવ તેના આત્મામાં છૂપાયેલી પરમ ચેતનાને અનુભવતો નથી. માનવ પરમચેતનાને અનુભવતો ન હોવાથી તેની સૂખસગવડો ન સચવાય કે પ્રાણની માંગણી ન સંતોષાય કે પછી મનની ઈચ્છા તૃપ્ત ન થાય તો ખુશીને બદલે દુઃખની લાગણી અભિવ્યક્ત કરે છે. માનવની ખુશી મન, પ્રાણ અને શરીરની ચેતના આધારિત હોઈ ખુશી હમેશાં ક્ષણજીવન જ હોય છે.

માનવ સચેતસ્ થાય છે ત્યારે તે ઊર્ધ્વચેતનામાં દાખલ થાય છે. ઊર્ધ્વચેતનામાં માનવનું મન ઈચ્છામુક્ત થાય છે. પરંતુ માનવ-ઈન્દ્રિયોની માંગણી અને પ્રાણના આવેગોમાંથી મુક્ત થયેલો હોતો નથી. માનવ ઈચ્છામુક્ત થયેલો હોવાથી જ્યારે માનવની ઈન્દ્રિયો અને પ્રાણની માંગણી સંતોષાય છે ત્યારે હર્ષ અનુભવે છે. પરંતુ માનવની ઈનિદ્રયો અને પ્રાણ નવી માંગણીઓ કરે છે ત્યારે તે માંગણીઓ સંતોષાય નહીં તો માણસ નિરાશા અનુભવે છે. આમ, હર્ષ પણ સનાતન નથી પરંતુ ક્ષણજીવી છે.

માનવ ઈચ્છામાંથી મુક્ત થઈ વધુ જાગ્રત થઈ વધુ સચેતસ્ થઈ પોતે જે ચેતનામાં છે તેની ઉચ્ચ ઊર્ધ્વચેતનામાં પ્રવેશ કરે છે. માનવ આ ઊર્ધ્વચેતનામાં પોતાની ઈન્દ્રિયો અને પ્રાણ ઉપર કાબૂ મેળવે છે. માનવ મન, પ્રાણ અને ઈન્દ્રિયોને પોતાના અંતરઆત્માના પ્રભાવ હેઠળ લાવે છે. માનવ ઉપર અંતરઆત્માનો પ્રભાવ વધવાથી માનવ તેની ઈદ્રિન્યો, પ્રાણ અને મનની ચેતનામાંથી મુક્ત થાય છે ને પરમ પ્રભુ સાથે યોગ સાધે છે.

માનવનો પ્રભુ સાથે યોગ થવાથી માનવનું મન નિષ્પાપ થઈ પ્રભુ સાથે એકાત્મતા અનુભવે છે. માનવ પ્રભુ સાથે એકાત્મતા અનુભવતાં હોવાથી ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ સમજાવે તે મુજબ :

''યુઞ્જન્નેવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ।
સુખેન બ્રહ્મસંસ્પર્શમત્યન્તં સુખમાપ્નુતે॥
(ગીતા : અઃ ૬ઃ શ્લોક : ૨૮)

એ પાપ વગરનો આ પ્રમાણે આત્માને પરમાત્મા સાથે જોડતો પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ સ્વરૂપ અનંત આનંદનો અનુભવ કરે છે.

ગીતામાં સમજાવવા મુજબ યોગી આનંદને અનુભવે છે. પરંતુ પોતે આનંદ સ્વરૂપ થઈ જતો નથી, પરંતુ યોગી આનંદની શક્તિસ્વરૂપ ઉલ્લાસને અભિવ્યક્ત કરે છે.

યોગી ઉલ્લાસ દ્વારા પ્રભુ સાથેનો એકાત્મભાવ સતત અનુભવતો હોય છે. ઉલ્લાસ એ આનંદની શક્તિ સ્વરૂપ હોય, તે શક્તિ દ્વારા યોગી વધુ ઊર્ધ્વ ચેતનામાં પ્રવેશ કરે છે. એટલે પરમ ચેતનામાં પ્રવેશ કરે છે.

પરમ ચેતના પ્રવેશ એટલે માનવના અહંકારનું સંપૂર્ણપણે પરમ ચેતનામાં ઓગળી જવું. માનવનો અહંકાર ઓગળી જતો હોવાથી માનવ સંપૂર્ણપણે પ્રભુમય બની જાય છે. માનવ પ્રભુમય બનતો હોવાથી સર્વભૂતોમાં પરમપ્રભુને જુએ છે, જે આપણને શ્રી અરવિન્દની વાસુદેવ સર્વમિતિની અનુભૂતિનું સ્મરણ કરાવે છે.

માનવ પ્રભુમય બની ગયેલો હોવાથી માનવના મન, પ્રાણ અને શરીર પરમ પ્રભુની ચેતનાને અભિવ્યત કરવાના સાધનરૂપે અસ્તિત્વ ધરાવે છે.માનવ પોતાનાં મન, પ્રાણ અને શરીરની ચેતનાનું રૂપાંતર સાધી ત્રણેયને પરમ ચેતનામાં રૂપાંતરિત કરી માનવ તરીકે નહીં પરંતુ પરમ ચેતનાના અંશ તરીકે જીવન વ્યતીત કરે છે.

માનવ પરમ ચેતનાના અંશ તરીકે જીવન વ્યતીત કરતો હોવાથી તેનું સ્વતંત્ર અસ્તીત્વ રહેતું નથી. પરંતુ પરમ ચેતના તરીકે અસ્તિત્વ રહે છે. પરમ ચેતના જ્યારે પણ આવિર્ભાવ પામે છે ત્યારે શુદ્ધ આનંદ સ્વરૂપે જ અભિવ્યક્ત થાય છે.

આનંદ એટલે માનવનું પરમ ચેતનામાં ઓગળી જવું, લય પામી જવું. શ્રી અરવિન્દના પૂર્ણયોગનું આ જ લક્ષ્ય છે. માનવે તેની અપરા પ્રકૃતિમાંથી રૂપાંતર પામી પરાપ્રકૃતિ દ્વારા જીવન વ્યતીત કરવાનું છે. જે દ્વારા માનવ માનવ તરીકે નહીં પરંતુ પરમોચ્ચ પ્રભુના અંશ તરીકે આનંદને જ અભિવ્યક્ત કરે.

ૐ શાંતિ શાંતિ શાંતિ



# શ્રી અરવિંદ

A thought was sown in the unsounded void,
A sense was born within the darkness depths,
A memory quivered in the heart of the Time,
As if a soul long dead were moved to life:

Savitri B-1, C-4, P-3

## આદિ સંકલ્પનું વાવેતર

ભાવાનુવાદ

વિચાર એક વવાણો નિઃશબ્દ અવકાશમાં,
સભાન ચેતના સળવળી, અચિત્‌ના ગર્તમાં,
સ્મૃતિ એક ઝંકૃત થતી, સમય-પુરુષના વક્ષામાં,
મૃત આત્મા જાણે જાગતો, જીવને ફરી આ કાળમાં.

## મહાગૌરી

અચિત્-વૃત્રાસુર તણો, જ્યારે થાએ નાશ,
ત્યારે સમગ્ર સ્વરૂપ મહીં, પ્રસરે ધવલ પ્રકાશ ॥૧॥

કપૂર સમ એ ભાસતું, કર્પૂર-ગૌરમ્ રૂપ,
મલિનતાનો છાંટો નહિ, સાક્ષાત્ સદાશિવ રૂપ ॥૨॥

શુદ્ધતા સાક્ષાત્ બને, પ્રથમ ક્ષણિક ને અસ્થિર,
સાધના સઘન થએ, એ બને સનાતન સ્થિર ॥૩॥

જાણે અમરનાથ લિંગ, આભાચક્ર સાકાર,
સાધક બ્રહ્મભાવે રમે, શાંત, નીરવ, વિશાળ ॥૪॥

મુક્તાત્મા બની રહે, ન પ્રભુ સાથે કોઈ ભેદ,
એકરૂપતા સ્થિર બને, કહે ઉપનિષદો ને વેદ ॥૫॥

---

(મહાગૌરીના સ્વરૂપમાં પોઠિયો અર્થાત્ પાર્થિવ-જીવન, જીવનયજ્ઞ બની જાય છે. તેમાંની ચેતના યજ્ઞ-પુરુષ અર્થાત્ હોતા બને છે. શ્વેત વસ્ત્રો વિશુદ્ધિ અને ધવલ પ્રકાશ (શુક્રમ્)ની અનુભૂતિનાં પ્રતીકો છે. ડમરું પ્રભુપ્રેરિત વાણી અર્થાત્ 'વાક્' શક્તિનું પ્રતીક છે. વરદમુદ્રા જીવનને પોષણ આપવાનું અને અભયમુદ્રા જીવનનું સંરક્ષણ દૈવીતત્ત્વો કરે છે તે સૂચવે છે. (તે મહાલક્ષ્મી અને મહાકાળીનાં કાર્યો છે.) ત્રિશૂલ ત્રણે ગુણો ઉપરનું નિયંત્રણ સૂચવે છે. ગળામાંની સ્ફટીક-માળા શુદ્ધતાદર્શક છે.)

---


**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**